# જય જિનેન્દ્ર

**વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ**

Newspaper Registration No. GUJGUJ10312 •• Postal Registration No. GUJ-553
Vol III, Issue 4 •• July, 2004

F 9 Shrinandnagar IV, Vejalpur, Amdavad 380051 E-Mail : jayjinendra@jainshasan.com

## એક ડાળનાં પંખી

મોટા લોકો ભ્રષ્ટ આચરણ કરે છે ત્યારે એમનો બચાવ કરવા માટે લોકોની લાઇન લાગે છે. બધા એમને વહાલા થવા દોડી જાય છે. રાજકારણ હોય, ધર્મકારણ હોય કે સમાજકારણ હોય, દરેક સ્થળે આમ બને છે. મોટા લોકોના છકી ગયેલા અને બાપાના પૈસે તાગડધિન્ના કરનારા ઘમંડી નબીરાઓ માટે પણ એમ જ બને છે. મોટા ગુરુઓના વ્યભિચારી શિષ્યો માટે પણ, કાનો-માતરના ય ફેરફાર વિના, અદલ આમ જ બને છે. એમની કદમબોસી કરનારા અને ફેવર કરનારાઓને શું મળતું હશે તે આપણે નથી જાણતા. જાણવાની જરૂર પણ નથી. પોતાના અનાચાર માટે ધર્મદ્રવ્યનો ઉપયોગ કરનારા પથભ્રષ્ટ ગુરુઓ અને તેમના શિષ્યોની કદમબોસી કરનારા લેભાગુઓ કઈ ગતિમાં જશે એનો વિચાર આવતાં જ તેમના પ્રત્યે કરુણા ઉપજી જાય છે.

થોડાક મહિના અગાઉ સજલ-બીજલ કેસ ખૂબ ગાજ્યો હતો. મોટા ઘરના નપાવટ દીકરાને કારણે બીજલ જેવી નવયુવાન અને આશાસ્પદ છોકરીને આત્મહત્યા કરવા મજબૂર થવું પડ્યું હતું. એની આત્મહત્યા પછી કાયદો સફાળો જાગી ઊઠ્યો હતો અને એકદમ સક્રિય થઈ ઊઠ્યો હતો. એ મરી ગઈ ત્યાં સુધી કાયદાના રખેવાળો લાંબી તાણીને સૂઈ ગયા હતા. અલબત્ત, બીજલના મરી ગયા પછી પણ એને ન્યાય મળશે કે કેમ તે આપણે નથી જાણતા. કાયદાના હાથ લાંબા હોય છે, કાયદો તોડનારાઓના હાથ એથીયે વધારે લાંબા હોય છે.

*જય જિનેન્દ્ર*ની, તે ચાલુ થયું ત્યારથી, સતત નેમ રહી છે કે સવાલ જ્યારે સત્યના રક્ષણનો હોય ત્યારે કોઈનીય શેહ-શરમ ભર્યા વિના સત્યનો પક્ષ લેવો. આથી જ *જય જિનેન્દ્ર*ના તેરમા અંકમાં અમે શબ્દો ચોર્યા વિના લખ્યું હતું કે – *વર્તમાન જૈન સંઘ જે સ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે તેમાં કાણાને કાણો કહેવાનો સમય પાકી ગયો છે.*

કાણાને કાણો કહેવાના એક પ્રયાસરૂપે જ *જય જિનેન્દ્ર* દ્વારા એક નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેનું શીર્ષક હતું – 'બળાત્કારી સજલ અને ધતિંગખોર ભ્રષ્ટાચારી સાધુઓને પૈસો અને સત્તાના ઘમંડમાં રાચીને છાવરનારાં તત્ત્વો : એક ડાળનાં પંખી.' અમારી કલ્પના બહાર, ગુજરાતની અઢારે આલમે બહુ ઉમળકાથી આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ અંકમાં પ્રસ્તુત છે એ સ્પર્ધાનું પરિણામ. આ અંકમાં માત્ર વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ નથી, અખિલ ગુજરાતની સમગ્ર વિચારશીલ જનતાનો વિચારશીલ અવાજ છે. અમારા આ વિચારયજ્ઞમાં અમને સાથ આપનાર ગુજરાતની સમગ્ર પ્રજાનો ખૂબ ખૂબ આભાર...

# જનતાની અદાલતનો ઝડપી ચુકાદો!

કાયદાની અદાલતની પ્રક્રિયા ઘણી લાંબી હોય છે. લોક અદાલતની પ્રક્રિયા ઘણી ઝડપી હોય છે.

બે મિત્રોની વાતચીત જેવું છે. બે મિત્રો વાતે વળગ્યા. જમતાં જમતાં જ વાતો પૂરી કરવાની હતી. વાતમાંથી વાત નીકળતાં એક મિત્રે બીજા મિત્રને સવાલ કર્યો : 'તારા બાપા કેવી રીતે મરી ગયેલા?' પેલાએ આખું પારાયણ માંડ્યું – *મારા બાપા સવારે જાણે સાત વાગે ઊઈઠા. પછી ઓટલે દાતણ કરવા બેઠા. પછી બાએ ચા પીવા બોલાઈવા....* એમ કરતાં કરતાં છેક સાંજે પોતાના પિતાનું મૃત્યુ થયું ત્યાં સુધીની આખી રનિંગ કોમેન્ટ્રી આપી દીધી. બાપાના મૃત્યુના ઈતિહાસમાં જમવાનું એક બાજુ રહી ગયું. સામા પક્ષે શ્રોતા મિત્રનું જમવાનું તો ચાલુ જ હતું. એણે બરાબર ધાબડી લીધું ત્યારે પેલાનું મૃત્યુપુરાણ માંડ પૂરૂં થયું.

'પણ તારા બાપા કેવી રીતે મરી ગયેલા એ તો તેં કહ્યું જ નહીં!' વક્તા મિત્રે શ્રોતા મિત્રને પૂછ્યું. *'મારા બાપા ને? એ તો શું થયેલું કે રાતે સૂતા તે સૂતા, પછી સવારે ઊઠ્યા જ નહીં.'* ઈતિ સિદ્ધમ્. શ્રોતા મિત્રની કથા પૂરી! લોક આ ઝડપે ચુકાદો આપે છે.

*'બળાત્કારી સજલ અને ધતિંગખોર ભ્રષ્ટાચારી સાધુઓને પૈસો અને સત્તાના ઘમંડમાં રાચીને છાવરનારાં તત્ત્વો : એક ડાળનાં પંખી.'* આ શીર્ષક હેઠળ અમે એક નિબંધ સ્પર્ધાનું આયોજન કર્યું હતું. આનું પરિણામ, અમે, આમ તો જૂન માસના અમારા અંકમાં આપવાના હતા. પરંતુ ગુજરાતની પ્રબુદ્ધ અને વિચારશીલ જનતાના એટલા બધા પત્રો અને નિબંધો અમને મળેલા કે અમારી માટે જૂનના અંકમાં પરિણામ રજૂ કરવું અસંભવિત બની ગયું.

ગુજરાતની વિચારશીલ જનતાએ જે હોંશથી આ સ્પર્ધામાં ભાગ લીધો તે તેની જાગરૂકતાની નિશાની છે. આ જનતાએ ભ્રષ્ટ લોકોને બરાબરના ધોઈ નાખ્યા છે. કેટલાક નિબંધકારોએ તો એવો સજ્જડ આક્રોશ વ્યક્ત કર્યો છે કે વાંચતાં જ આપણા રૂંવાટા ઊભા થઈ જાય. એ આક્રોશની સામે તો *જય જિનેન્દ્ર*ના તંત્રીલેખોની ભાષા 'ઘણી જ સૌમ્ય' લાગે! તમામ નિબંધો અક્ષરશઃ રજૂ કરવા એ તો અમારી માટે શક્ય નથી. પરંતુ દરેક નિબંધમાંથી નવનીતરૂપ સારાંશ તારવીને અમે હવે પછીનાં પાનાંઓ ઉપર રજૂ કરી રહ્યા છીએ.

અમારા આ પ્રયાસ અંગે આપના વિચારોનું સ્વાગત છે.

## સમય ચિંતન

સત્યના માર્ગે ચાલવા માટે તમારી સાથે કોઈ સથવારો ન હોય તો તમે ચિંતા ન કરશો. તમને તમારા માર્ગમાં શ્રદ્ધા હોય એટલું બસ છે. આવતી કાલની પેઢીને તમે એકલા હાથે કંડારેલી કેડી પણ રાજમાર્ગ જેવડી મોટી લાગશે.

**– મુનિ શ્રી મિત્રાનંદસાગરજી**


## જય જિનેન્દ્ર

વર્ષ ૩, અંક ૪
સળંગ અંક ૨૮
જુલાઈ, ૨૦૦૪

■

સંપાદક : નિર્વેદ આચાર્ય

■

*જય જિનેન્દ્ર* દર માસની પહેલી તારીખે પ્રકાશિત થાય છે.

વાર્ષિક લવાજમ ૧૦૦ રૂપિયા. લવાજમ રોકડેથી, ડ્રાફ્ટથી, એમ. ઓ.થી મોકલી શકાય છે. બહાર ગામના ચેક સ્વીકારવામાં આવતા નથી (એટ પાર પેયેબલ હોય તો ચાલે).

પત્ર વ્યવહારનું સરનામું :
*જય જિનેન્દ્ર* કાર્યાલય
એફ ૯, શ્રીનંદનગર વિભાગ ૪,
સોનલ ટૉકિઝ રોડ, વેજલપુર,
અમદાવાદ ૩૮૦૦૫૧

# આપનો પત્ર મળ્યો



જય જિનેન્દ્રના લેખો અમારા ‘જૈન ક્રાંતિ’ જેવા ક્રાંતિકારી આવે છે. ભગવાનની સાચી વાણી પીરસો છો તે બદલ ધન્યવાદ.

આજે ધર્મમાં જમાનાવાદ અને શિથિલાચાર વધતો જાય છે ત્યારે જય જિનેન્દ્ર દ્વારા ભગવાન શું કહી ગયા છે? આજના (કુ)સાધુઓ અને સ્વાર્થી શ્રાવકો મિલીભગત કરીને કેવું આચરણ કરી રહ્યા છે વગેરે બાબતે સમાજનું ધ્યાન દોરો છો તે પ્રશંસાપાત્ર છે.

**રસિકલાલ સી. પારેખ** તંત્રી : ‘જૈન ક્રાંતિ’ (રાજકોટ)

જય જિનેન્દ્રમાં આપે જે સાધ્વીજીનો પત્ર પ્રગટ કર્યો છે તેનાથી સાગર સમુદાયના *વિચારશીલ* વ્રતધારીઓ પણ હવે જુદી દિશામાં વિચારતા થયા હોય એવું ચિત્ર ઉપસે છે અને આ એક સારી નિશાની છે. શરીરથી પરવશ બની ગયેલા વડીલોની ઓથે જે થઈ રહ્યું છે તે ખૂબ જ ચિંતાજનક છે. ગુંડાઓ જેવી રીતે સમાજને બાનમાં લે છે તેમ આંખ, કાન અને શરીરથી પરવશ બની ગયેલા પૂજ્યોને કેટલાંક તત્ત્વો બાનમાં લઈને બેઠાં હોય તેમ લાગે છે.

**આર. કે. એસ.** (વિજાપુર)

બદ્રીનાથના દેરાસરની ગડબડ પતી નથી ત્યાં જૂનાગઢના દેરાસરની બબાલ ઊભી થઈ છે. જૈનોને હિંદુ ઠરાવનારા લોકો આનો જવાબ આપી શકવાની સ્થિતિમાં નથી. બદ્રીનાથની જેમ જ જૂનાગઢના પ્રકરણમાં પણ કટ્ટરવાદી હિંદુ સાધુઓ સંડોવાયેલા છે અને દાદાગીરીથી જૈનોની પ્રિમાઈસીસ ઉપર પોતાનું દેવસ્થાન બાંધી રહ્યા છે. હિંદુ વિચારધારાથી રંગાયેલા સરકારી અધિકારીઓએ જૈનોની કોઈ વાત કાને ન ધરતાં છેવટે ન્યાયતંત્રની મદદથી જ તેઓની દાદા-ગીરીને અટકાવી શકાઈ છે. આ પછી પણ હિંદુવાદી જૈનો કોઈ ધડો લેશે તેમ માનવું વધુ પડતું છે. જય જિનેન્દ્રમાં આ અંગે જેટલું લખાય એટલું ઓછું જ છે એમ મારૂં માનવું છે.

**અરવિંદ જે. શાહ** (વાસણા, અમદાવાદ)

## હસ્તલિખિત પ્રતિઓ અંગે શિબિર

લાલભાઈ દલપતભાઈ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડોલોજી (અમદાવાદ)ના ઉપક્રમે આગામી ઓગસ્ટ માસની તા. ૯મીથી ૨૧મી સુધી હસ્તલિખિત પ્રતિઓ સંબન્ધી એક શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં બ્રાહ્મી, શારદા અને પ્રાચીન નાગરી લિપિઓ અંગે પ્રશિક્ષણ આપવામાં આવશે. આ શિબિરનો હેતુ હસ્તપ્રતિઓ સંબન્ધિત વિવિધ પાસાંઓના અભ્યાસનો છે. આ શિબિરમાં ગુજરાત, રાજસ્થાન અને મહારાષ્ટ્રના અંદાજે ૩૫-૪૦ જેટલા પ્રતિનિધિઓ ભાગ લેનાર છે.

ઉલ્લેખનીય છે કે લાલભાઈ દલપતભાઈ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડોલોજી ભારતીય પ્રાચ્ય વિદ્યા અને સંસ્કૃતિ ક્ષેત્રે કાર્ય કરતી પ્રતિષ્ઠિત સંસ્થા છે અને ભારત સરકારના સાંસ્કૃતિક વિભાગના રાષ્ટ્રીય પાંડુલિપિ મિશન દ્વારા પાંડુલિપિ સંસાધન તેમજ સંરક્ષણ કેન્દ્ર તરીકે તેને પસંદ કરવામાં આવી છે.

**તંત્રીસ્થાનેથી**

# નિબંધના હાર્દ અંગે થોડી નિખાલસ સમીક્ષા

ગુજરાતની જનતાના દિલોદિમાગને હચમચાવી નાખનાર સજલ-બીજલ કેસ અંગે એટલું બધું લખાઈ ગયું છે કે તેમાં અમે કોઈ ઉમેરો કરવા માગતા નથી. આ ઘટનાએ ગુજરાતની સંવેદનશીલ જનતાના હૈયે જે ઝાળ લગાડી હતી તે ઇતિહાસ કંઈ બહુ જૂનો નથી થઈ ગયો.

આવી ઘટના કંઈ આપણા દેશમાં પહેલીવાર નથી ઘટી. એ કદાચ છેલ્લી પણ નહીં જ હોય. દેશ અને દુનિયામાં આવા બનાવો બનતા જ રહેવાના. અમે આ આખી ઘટનાને જુદા એંગલથી જોઈ છે. આવા બનાવોને ટાળવા એ આપણા હાથમાં નથી. આપણે ઈશ્વર હોઈએ તો પણ આપણે એમ ન કરી શકીએ.

આ ઘટના બન્યા પછી દેશ અને દુનિયાને શું જોવા મળ્યું? અમારાં નિરીક્ષણો અને તારણો કંઈક આ પ્રકારનાં છે :

માનવ અધિકાર પંચ આ મામલે સાવ ચૂપ જોવા મળ્યું. ગોધરા ઘટના વખતે પણ તે આ જ રીતે ચૂપ રહ્યું હતું. એક નિબંધકારે કદાચ એટલે જ આક્રોશ વ્યક્ત કર્યો છે કે *'આવી સંસ્થાઓ આવા લોકોના પૈસે જ ચાલતી હોય છે.'* બધા માનવો 'માનવ' હોય છે એમ આપણી જેવા 'ભોળાઓ' સિવાય કોણ માને? અને માનવ અધિકાર પંચમાં ભોળા માણસો ક્યારેય હોતા નથી!

સંસ્કૃતિની મોટી મોટી વાતો કરનારા અને એમના વિના સંસ્કૃતિ જાણે રાંડી જ પડવાની હોય એવું માનનારા ધર્મગુરુઓ પણ સદંતર ચૂપ રહ્યા. સજલના ધનાઢ્ય કુટુંબીઓને કોઈ નારાજ કરવા નહોતું માગતું એવું ચિત્ર ઊભું થયું. સામે કરોડો રૂપિયાની પાર્ટી હોય ત્યારે દાનનો એક ટુકડો મળવાની આશા કોને ન હોય?

રાજનેતાઓ પાસેથી તો આમ પણ આપણને આવા પ્રસંગે કોઈ સારી આશા ન હોય. આમાં સામેલ થવાથી કોઈ રાજનેતાને વોટનો ફાયદો થવાનો નહોતો. સિવાય કે ઘટનામાં ભોગ બનનાર, સજલ જેવા જ કોઈ ધનવાન પિતાની, કોઈ સમર્થ રાજનેતાની, કોઈ ઉચ્ચ અધિકારીની પુત્રી હોત અથવા તો તે કોઈ 'બિલ્કિસ બાનુ,' કે 'મિસ મેરી' હોત.

અને પોલીસ. જૉક શું કામ કરવી. પોલીસે તો રાબેતા મુજબ *'જે જે થઈ શકે તે તે'* કર્યું!

આ બનાવથી *જય જિનેન્દ્ર* પણ થથરી ઊઠ્યું હતું. ખરૂં કહીએ તો તે રીતસર કંપી ઊઠ્યું હતું. ગુનેગારોને જે રીતે છાવરવાની હોડ ચાલી રહી હતી તે જોઈને *જય જિનેન્દ્ર*નું લોહી ઊકળી ઊઠ્યું હતું. કેમ કે સત્તાના ઘમંડમાં રાચનારાં અને પૈસાના ઘમંડમાં નાચનારાં તત્ત્વો દ્વારા નાલાયક ગુનેગારોને કેવી રીતે છાવરવામાં આવે છે તેનો વરવામાં વરવો અનુભવ *જય જિનેન્દ્ર* પણ કરી ચૂક્યું છે. એથી જ એણે ગુજરાતની પ્રબુદ્ધ જનતાની લાગણીને વાચા મળે એવા એક પ્રયત્ન રૂપે નિબંધસ્પર્ધાનું આયોજન કર્યું અને તેને શીર્ષક આપ્યું : *'બળાત્કારી સજલ અને ધતિંગખોર ભ્રષ્ટાચારી સાધુઓને પૈસો અને સત્તાના ઘમંડમાં રાચીને છાવરનારાં તત્ત્વો : એક ડાળનાં પંખી.'* અમે ધાર્યું નહોતું એવો જબ્બર પ્રતિસાદ અમને મળ્યો અને અમારા કાર્યાલય ઉપર નિબંધોના ઢગલે ઢગલા ખડકાઈ ગયા. ગુજરાતની અઢારે આલમે જે ઉમળકાથી આ સ્પર્ધામાં ભાગ લીધો તેણે અમને ખરેખર ગદ્‌ગદિત કરી મૂક્યા છે.

હવે નિબંધના હાર્દ અંગે થોડી નિખાલસ વાતો : સ્પર્ધાનું શીર્ષક ફરીથી વાંચો. આમાં ક્યાંય સજલને નિશાન બનાવવાની વાત નથી. આમાં નિશાન બનાવવાના હતા એ લોકોને, જેઓ તેને છાવરવા દોડી ગયા હતા. સાથોસાથ એમને કે જેઓ ધતિંગખોર સજલબ્રાન્ડ ભ્રષ્ટાચારી સાધુઓને

પણ છાવરવા દોડી જાય છે. નિબંધ સ્પર્ધાના આ હાર્દને બહુ ઓછા નિબંધલેખકો સમજી શક્યા હતા. એથી જ મોટા ભાગના નિબંધલેખકોએ પોતાના નિબંધમાં સજલને જ નિશાન બનાવી દીધો હતો.

એમ લાગે છે કે ગુજરાતની પ્રજામાં કદાચ એટલો બધો આક્રોશ જાગ્યો હતો કે તેણે સજલની વિરુદ્ધમાં આમ ધમધમાટ કલમ ચલાવી હશે.

*“એને મારી નાખવો જોઈએ, એને કાપી નાખવો જોઈએ, એને સળગાવી નાખવો જોઈએ, એના શરીરના એ હિસ્સાને ડામ આપવા જોઈએ કે જે હિસ્સાએ આ બળાત્કારમાં ભાગ ભજવ્યો હતો, એને ક્ષત-વિક્ષત કરીને બીજલની ચિતામાં જ હોમી દેવો જોઈએ, એના ટુકડે ટુકડા કરી શિકારી કૂતરાઓને ખવડાવી દેવા જોઈએ, એને જાહેરમાં ગોળીએ દેવો જોઈએ.” વગેરે વગેરે વગેરે...*

વાચકમિત્રો, *જય જિનેન્દ્ર* બેઝિકલી ભગવાન મહાવીરનું અનુયાયી છે, તેથી તે આવી હિંસક ભાષા ન વાપરી શકે. ઉપર ઇટાલિક્સમાં જે ઉદ્ધરણો આપ્યાં છે તેને અમે શક્ય એટલાં સૌમ્ય બનાવીને આપ્યાં છે. બાકી મૂળ શબ્દો તો એવા છે કે જો સજલ એ વાંચવા અહીં હાજર હોય તો તેને હાર્ટ એટેક આવ્યા વિના ન રહે. અલબત્ત એને ‘હાર્ટ’ છે કે નહીં તે આપણે નથી જાણતા. જો કે એ પાછી અલગ બાબત થઈ.

ફરી પાછા આપણે નિબંધના હાર્દ તરફ જઈએ. અમે અગાઉ કહી ચૂક્યા છીએ કે આવી ઘટનાઓ બની છે, બને છે અને બનતી જ રહેવાની. પણ ક્યારેય ગુનેગાર પ્રત્યે કોઈએ રહેમ લાગણી દર્શાવી હોય એવું બન્યું નથી. કેમકે આવા ગુનાઓમાં મોટા ભાગે સામાન્ય માણસો સંડોવાયેલા હોય ત્યારે તેનો બચાવ કરવા કોઈ શા માટે દોડી જાય? પણ જ્યારે ગુનેગાર કોઈ ખમતીધર વ્યક્તિ હોય છે ત્યારે તેને છાવરનારા લોકોની લાઈનો લાગે છે. ઉત્તર પ્રદેશમાં અમરમણિ ત્રિપાઠીએ મધુમિતાની હત્યા કરાવી ત્યારે મુખ્યમંત્રી લેવલના લોકો તેનો બચાવ કરવા ધસી ગયા હતા. રાજા ભૈયા જેવા નામચીન ગુનેગાર સામે પોટા લાગ્યો ત્યારે મોટા મોટા લોકોએ રાજા ભૈયાની ઉઘાડી ફેવર કરી હતી.

સમાજ અને રાજકીય ક્ષેત્રે આવું બને તે હજી કદાચ સમજી શકાય, કેમ કે એ ક્ષેત્રમાં દરેકનો નાનો મોટો કંઈને કંઈ સ્વાર્થ હોય છે. પરંતુ ધર્મના ક્ષેત્રે પણ જો આમ બને તો?

છેલ્લાં થોડાં વરસોમાં એવું જોવા મળ્યું છે કે ધર્મના ક્ષેત્રે પણ ભ્રષ્ટ, લંપટ અને લબાડ સાધુવેષધારીઓને છાવરવાનું એક અનિષ્ટ વલણ ચાલુ થયું છે. શરત એક જ કે તે સાધુવેષધારી સમર્થ ગુરુનો ચેલો હોવો જોઈએ અથવા તો પોતે પોતાની રીતે ખમતીધર હોવો જોઈએ. ગુજરાતમાં આપણે કેશવાનંદથી લઈને શિવસાગર સંયમસાગર જેવા વ્યભિચારી સાધુઓને ખુલ્લેઆમ બચાવવાની દોડધામ કરનારા લોકોને જોયા છે. જેમાં પોતાની જાતને ચુસ્ત ધાર્મિક માનનારા નકલી ધાર્મિક માણસોનો પણ સમાવેશ થાય છે.

આ પરિપ્રેક્ષ્યમાં આપણી નિબંધ સ્પર્ધાનો મૂળ મુદ્દો સજલે શું કર્યું તે નહીં પરંતુ તેને છાવરવા દોડી જનારાઓએ શું કર્યું તે છે. તેઓ કેવી રીતે ‘એક ડાળનાં પંખી’ બનીને આવા નપાવટોને બચાવવા મેદાને ઊતરે છે એ પ્રગટ કરવાનો *જય જિનેન્દ્ર*નો ઇરાદો છે.

હવે પછીનાં પાનાંઓ ઉપર અમે ઇનામ વિજેતા નિબંધ પ્રકાશિત કરી રહ્યા છીએ. સાથોસાથ અમે આપેલા વિષયને અનુરૂપ હોય કે ન હોય તો પણ જે જે લેખકોએ નિબંધો મોકલ્યા છે તેમાંથી નીરક્ષીરનો વિવેક કરીને કેટલીક કણિકાઓ અમે તારવીને અહીં રજૂ કરી છે. આ કણિકાઓ એટલું તો પૂરવાર કરે જ છે કે ગુજરાતની પ્રબુદ્ધ જનતા ન્યાય તોળવામાં કોઈની શરમ ભરતી નથી.

અમારી દૃષ્ટિએ તો, આ સ્પર્ધા, સ્પર્ધા નથી, એ તો એક ડાળનાં સિદ્ધાંતહીન પંખીઓ સામેનો એક ઐતિહાસિક લોકચુકાદો છે જે ગુનેગારને કોઈનીયે શરમ વિના ‘ગુનેગાર’ જાહેર કરે છે.

# એક ડાળનાં પંખીઓને શોધવા દૂર જવાની જરૂર નથી

**ઇનામ વિજેતા નિબંધ**

ભ્રષ્ટાચાર, પછી તે ગમે તેનો હોય, તિરસ્કારને પાત્ર છે. પરંતુ ખુલ્લેઆમ દેખાઈ આવતા ભ્રષ્ટાચારને છાવરવો તે તો તેથીયે વધારે તિરસ્કારને પાત્ર છે. સજલ નામની કોઈ વ્યક્તિને નિશાન બનાવવાનો કોઈ અર્થ નથી. દરેક ગલીમાં એક સજલ હોય છે અને દરેક ગલીમાં એક બીજલ હોય છે. આપણી આસપાસ, ચોપાસ, જ્યાં નજર કરશો ત્યાં તે મળી આવશે. હશે તો નામફેર હશે એટલું જ.

આવા કેસમાં ઊંડાં ઊતરીને જોઈએ તો પૈસો દરેક સ્થળે પોતાનો પ્રભાવ પાથરતો દેખાય છે. શું સંસારી ભ્રષ્ટાચારી કે શું ત્યાગી ભ્રષ્ટાચારી, મૂળભૂત રીતે તો બધા એક ડાળનાં પંખી જ છે. દરેકને ભોગ અને સંપત્તિ જોઈએ છે. દરેકને પોતાના રંગરાગ પોષવા છે. દરેકને બહારથી સારૂં દેખાવું છે. ચોર પણ પોતાની જાતને ચોર તરીકે પ્રસ્થાપિત કરવા ઇચ્છતો નથી. ખૂની પણ પોતાના બચાવ માટે વકીલ રોકવાની જોગવાઈ કરે છે. બધાને સારા તો દેખાવું છે પણ સારા રહેવું કોઈકને જ છે. દરેક માણસ ધનના જોરે દુનિયાને મુઠ્ઠીમાં કરવા ઇચ્છે છે. દરેકને ખબર છે કે પૈસો હશે તો આખી દુનિયાને ખરીદી શકાશે. પૈસાથી પદ મળે છે, પૈસાથી ચૂંટણી જીતી શકાય છે, પૈસાથી ચમચાઓ ખરીદી શકાય છે, પૈસાથી વાહવાહ મેળવી શકાય છે. જે લોકો પોતે સીધી રીતે પૈસો કમાઈ શકતા નથી તેઓ પૈસાદારોની પડખે ચડી જાય છે. તેમની વાહવાહ કરવા લાગે છે. કેટલાક લોકો નકલી ધર્મગુરુઓના પડખે ચડી જાય છે. ત્યાં વળી જુદા જ પ્રકારની ગેમ રમાય છે. ગુરુજીનો જયજયકાર કરતા રહો. ગુરુજી તમારો બેડો પાર કરી નાખશે.

**પૃથ્વી જે. શાહ** (સુરત)

આપણે એક સજલ અને એક બીજલના બનાવથી ખળભળી ઊઠીએ છીએ. હકીકતે આ એક દરરોજ ભજવાતું નાટક છે. ક્યારેક કોઈક ઘરમાં સસરો વિલન બનીને સજલગીરી કરે છે. બિચારી વહુ બીજલ બની શકતી નથી. ક્યારેક કોઈક ઘરમાં એક જેઠ સજલનો રોલ ભજવે છે, ક્યારેક દિયર આ કાર્ય કરે છે. ક્યારેક જમાઈ સજલનો વેષ ધારણ કરીને આવી ચડે છે. સજલ ક્યાં નથી? બીજલની જેમ કોઈ પોતાના પ્રાણ કાઢી નાખે છે ત્યારે ઢોંગી સમાજ હોહા કરે છે. ઘેર ઘેર કેટલીયે બીજલો છાને ખૂણે આંસુ પાડે છે ત્યારે સમાજ કશું કરતો નથી. કારણ કે એ ઢોંગી સમાજની અંદર જ પેલા સજલો છુપાયેલા હોય છે. ખુદ પોલીસના ડ્રેસમાં અને સાધુના વેષમાં પણ સજલો ક્યાં નથી હોતા? આવો એકાદ બનાવ જાહેર માધ્યમોમાં ચમકે છે ત્યારે સમાજ મોટા ઉપાડે જાહેર થયેલા સજલ ઉપર તૂટી પડે છે. બાકીના નહીં જાહેર થયેલા સજલોના જલસા કાયમ ચાલુ જ રહે છે.

બીજલના પ્રસંગે હોહા

## તેઓ અહીં છે, તહીં છે, બધે જ છે!

કરનારા સમાજને પૂછો કે તમારા ઘરમાં કોઈ વ્યક્તિ સજલગીરી કરતી હશે તો તમે કેવી વર્તશો? હું માનું છું ત્યાં સુધી હોહા કરનારાનું વર્તન તરત બદલાઈ જશે. એ તરત જ રક્ષણાત્મક ભૂમિકામાં આવી જશે.

કડવી હકીકત એ છે કે આપણે ગાડરીયા પ્રવાહમાં દોડનારી પ્રજા છીએ. આજે આને ગાળો આપીશું અને બીજા દિવસે બીજાને ગાળો આપીશું. આપણે જોશું કે પ્રવાહ કઈ તરફ વહી રહ્યો છે? એ દિશામાં આપણે પણ દોડવાનું ચાલુ કરી દઈશું. સ્વસ્થ ચિત્તાથી વિચારનારા લોકો કેટલા છે?

હું કેટલાક સવાલો બહુ ખુલ્લા દિલે રજૂ કરૂં છું : માનો કે એક આશ્રમ બની રહ્યો છે અને તેને મોટા દાનની જરૂર છે. હવે માની લઈએ કે દારૂના ભઠ્ઠા ચલાવનાર કે જુગારના અડ્ડા ચલાવનાર કોઈ ધનવાન એમાં અગિયાર લાખ રૂપિયા આપવા માગે છે. શું આશ્રમના સંચાલકો આ રૂપિયા જતા કરવા તૈયાર થશે?

માની લો કે એક દેરાસર બને છે. એમાં એક માણસ બધો જ ખર્ચો ઉઠાવવા તૈયાર છે પણ એનું ડોનેશન સંપૂર્ણપણે કાળાં નાણાં ઉપર આધારિત છે. શું દેરાસરના ટ્રસ્ટીઓ આ દાન જતું કરવા તૈયાર થશે?

માની લો કે એક કરોડપતિ માણસ કોઈ સાધુ-સંતને પોતાના ઘરે પધરામણી કરાવવા તૈયાર થાય છે. પણ આ માણસ વેશ્યાઓ પૂરી પાડવાના વ્યવસાય સાથે સંકળાયેલો છે અને આ વાત કોઈથી અજાણી નથી. શું પેલા સંત મહાત્મા તેના ઘરે પધરામણી કરવાની ના પાડવાની હિંમત કરી શકશે? અહીં એ યાદ રાખવાનું કે પેલો પધરામણી કરાવનારો માણસ સાધુ મહાત્માને પોતાના ઘરે પધરામણી કરાવ્યા પછી દક્ષિણા રૂપે એમનાં ચરણોમાં રૂપિયાનાં બંડલો મૂકવાનો છે.

■ ■ ■

આપણે એક સજલ અને એક બીજલના બનાવથી ખળભળી ઊઠીએ છીએ. હકીકતે આ એક દરરોજ ભજવાતું નાટક છે.

■ ■ ■

એક કલ્પના કરીએ : એક ચેરિટેબલ સંસ્થા સ્થપાઈ રહી છે. શું આ સંસ્થાના બંધારણમાં એવી જોગવાઈ કરાશે ખરી કે ભ્રષ્ટ ઉપાયો દ્વારા અથવા બીજા શબ્દોમાં કહીએ તો અનીતિના માધ્યમથી ધન કમાનાર વ્યક્તિને ટ્રસ્ટી બનાવવામાં નહીં આવે?

એક રાજકારણી કે જેનાં સામાજિક આર્થિક અને અન્ય અનેક પ્રકારનાં ભ્રષ્ટ આચરણો જગજાહેર છે તે જો કોઈ ધાર્મિક ફંકશનમાં હાજરી આપે તો શું તેનું બહુમાન 'ન કરવાની' હિંમત ફંકશનના આયોજકો કરી શકશે?

આ બધા સવાલોના જે સાચા જવાબો આવે તે એટલું જ પૂરવાર કરશે કે આખરે બધાં એક ડાળનાં પંખી જ છે.

મજાની વાત તો એ છે કે ઉપર જણાવ્યા તે પ્રકારના લોકો પણ પાછા ભ્રષ્ટાચારનો વિરોધ કરવામાં સૌથી આગળ હશે! એવા માણસોના ધનથી વિવિધ સંસ્થાઓ, આશ્રમો, મઠો અને દેરાસર ચલાવનારા સાધુ-સંતો પણ જરૂર પડશે તો સગવડીયું મૌન ધારણ કરી લેશે.

મારી સમજ પ્રમાણે ધતિંગખોર સાધુઓને છાવરનારા અને સજલ જેવાં છકી ગયેલાં કુપાત્રોને છાવરનારા બધા એક ડાળનાં પંખી એ કારણસર છે કે એમ કરવામાં એમનું આર્થિક કે અન્ય કોઈ ને કોઈ પ્રકારનું હિત સંડોવાયેલું હોય છે. મને તો હંમેશાં એમ લાગે છે કે દરેક

પ્રકારના ભ્રષ્ટાચારનું મૂળ પૈસો જ છે.

અમારા સુરત નજીકની એક આધ્યાત્મિક સંસ્થાના ટ્રસ્ટીઓ સામસામે કોર્ટે ચડ્યા છે. કેમ ભાઈ, તમારે અધ્યાત્મના પ્રવાસીઓને વળી કોર્ટ-કચેરી કેવી? સીધી વાત છે, લાખો કરોડો રૂપિયાનો વહીવટ આધ્યાત્મિકતાના ઓઠા નીચે કરવા મળે છે અને એમાં મોટી મલાઈ જમવા મળે છે. નામ આધ્યાત્મિકતાનું અને કામ જાકુબીનાં.

એક નામાંકિત (કે નામચીન?) સંતના આશ્રમમાં ગુરુ પૂર્ણિમાના દિવસે આશીર્વાદ લેવા હજારો ભક્તોની લાઈન લાગે છે. આ કહેવાતા સંત ઉપર બળાત્કાર, ખૂન, ગેરકાયદે જમીનો દબાવી પાડવી વગેરે અનેક ગુનાઓ સબબ અનેક કેસ દાખલ થયેલા છે. આશીર્વાદ લેવા આવતા બધા જ ભક્તો આ બાબતે અજાણ હોય એમ માની લેવાય ખરૂં? આનો અર્થ શું થયો? આપણે કયા મોઢે નીતિ નિયમોની વાતો કરીએ છીએ?

અમદાવાદથી થોડે દૂર એક જૈન સંસ્થાના સંચાલક મઠાધીશ સામે તેના સેક્સાચાર બદલ ખુદ જૈન સમાજના જ હજારો લોકો આંગળી ચીંધતા રહે છે અને પાછા આમાંના જ કેટલાય લોકો ત્યાં આશીર્વાદ લેવા માટે પડાપડી પણ કરતા હોય છે. એક ડાળનાં પંખીઓ શોધવા માટે ક્યાંય દૂર જવાની જરૂર છે ખરી? તેઓ આપણી આસપાસ ચોપાસ પથરાયેલા જ છે.

■ ■ ■

ગુજરાતના ઠાર મરાયેલા ડોન લતીફ વિષે તો બધાં જ જાણતાં હતાં કે તે રાજયના એક સમયના મુખ્ય મંત્રીની પોતાની ગાડીમાં બેરોકટોક ફરી શકતો હતો.

■ ■ ■

આ નિબંધ સ્પર્ધાનું આયોજન કરનાર *જય જિનેન્દ્ર* માસિકના જૂના અંકો ઉથલાવતાં ખ્યાલ આવે છે કે લોકહિત અને જૈનહિત માટે સદા ઝઝૂમતા એવા આ માસિકે પણ રીતસર પોતાના જ ધર્મના વ્યભિચારી સાધુઓની વિરુદ્ધમાં અવાજ ઉઠાવવો પડ્યો હતો અને તેમ છતાં જૈન સમાજ તે સાધુઓનું કશું બગાડી શક્યો નહોતો કે તેમની યોગ્ય નસીહત કરી શક્યો નહોતો. એનો અર્થ એક જ થાય છે કે દુનિયાનો શ્રેષ્ઠ ધર્મ હોવાની વાતો કરતા આ ધર્મના આગેવાનો પણ પોતાના સંપ્રદાયના ભ્રષ્ટ સાધુઓના અનાચાર બાબતે કશું કરતા ન હોવાથી તેઓ પણ એક ડાળનાં પંખી જ બની રહેવા માગે છે.

થોડાં વરસો પહેલાં ગુજરાતમાં દ્વારકાનું કેશવાનંદ પ્રકરણ ખૂબ ગાજ્યું હતું. દહેગામનું કલાનિધિ પ્રકરણ પણ ખૂબ ચમક્યું હતું. આ બન્ને સાધુઓને ટેકો આપવા માન્યામાં ન આવે એવા લોકો દોડી ગયા હતા. આ ઉપરાંત ગુજરાતમાં છેલ્લાં કેટલાંક વરસોથી રાજકીય હત્યાઓ થઈ રહી છે એમાં પણ મોટાં મોટાં માથાં સંડોવાયેલાં હોવાનું આપણે જાણીએ છીએ. છતાં હું કે તમે કશું કરી શકતાં નથી. ગુજરાતના ઠાર મરાયેલા ડોન લતીફ વિષે તો બધાં જ જાણતાં હતાં કે તે રાજયના એક સમયના મુખ્યમંત્રીની પોતાની

*સમાજને જગાડવાનું કામ કરવાનો દાવો કરનારાં અખબારો પણ ભ્રષ્ટાચારીઓની એક ડાળનાં પંખી બની રહેવાની હોડમાં પાછળ રહેવાં માગતાં નથી!*

*એક રાજકારણી કે જેનાં સામાજિક આર્થિક અને અન્ય અનેક પ્રકારનાં ભ્રષ્ટ આચરણો જગજાહેર છે તે જો કોઈ ધાર્મિક ફંકશનમાં હાજરી આપે તો શું તેનું બહુમાન 'ન કરવાની' હિંમત ફંકશનના આયોજકો કરી શકશે?*

ગાડીમાં બેરોકટોક ફરી શકતો હતો. આવા નામચીન ગુનેગારને આશ્રય આપનાર સત્તાધીશને આપણે 'ગુજરાતના વિકાસની કેડી કંડારનાર લોહ પુરુષ' તરીકે બહુમાન આપીએ છીએ ત્યારે આપણે પણ એક ડાળનાં પંખી જ બની રહીએ છીએ. ઘણીવાર તો ખુદ અખબારી બિરાદરો આવા મુખ્યમંત્રીને છોટે સરદાર કહીને નવાજતા હોય છે. એમ કરવામાં સરદર પટેલનું કેવું અપમાન થાય છે તેમ કોઈ વિચારે છે ખરૂં? ટૂંકમાં, સમાજને જગાડવાનું કામ કરવાનો દાવો કરનારાં અખબારો પણ ભ્રષ્ટાચારીઓની એક ડાળનાં પંખી બની રહેવાની હોડમાં પાછળ રહેવા માગતાં નથી!

આપણા પ્રાચીન વિચારકોએ યોગ્ય રીતે જ કહ્યું છે કે – *યદ્ યદ્ આચરતિ શ્રેષ્ઠઃ તદ્ તદ્ એવેતરો જનઃ; સ યત્ પ્રમાણં કુરુતે લોકસ્તદનુવર્તતે.* મોટો માણસ જે જે આચરણ કરે છે તેવું જ આચરણ સામાન્ય માણસ પણ કરે છે. મોટો જેને પ્રમાણિત કરે છે નાનો તેને અનુસરે છે. પરંતુ હું આમાં થોડો ફેરફાર કરવા માગું છું – માનો

"........

*ક્યારેક કોઈક ઘરમાં સસરો વિલન બનીને સજલગીરી કરે છે. બિચારી વહુ બીજલ બની શકતી નથી. ક્યારેક કોઈક ઘરમાં એક જેઠ સજલનો રોલ ભજવે છે, ક્યારેક દિયર આ કાર્ય કરે છે. ક્યારેક જમાઈ સજલનો વેષ ધારણ કરીને આવી ચડે છે. સજલ ક્યાં નથી? બીજલની જેમ કોઈ પોતાના પ્રાણ કાઢી નાખે છે ત્યારે ઢોંગી સમાજ હોહા કરે છે. ઘેર ઘેર કેટલીયે બીજલો છાને ખૂણે આંસુ પાડે છે ત્યારે સમાજ કશું કરતો નથી. કારણ કે એ ઢોંગી સમાજની અંદર જ પેલા સજલો છુપાયેલા હોય છે.*

........"

કે એક ફિલ્મમાં અમિતાભ બચ્ચન પોતાની માતાની સેવા કરતો હશે તો આજના યુવાનો તેનું અનુસરણ કરશે કે કેમ તે ન કહી શકાય. પરંતુ એ જ અમિતાભ કોઈક પિક્ચરમાં પોતાના મિત્રવર્તુળમાં બેસીને સિગારેટો ફૂંકતો હશે તો આજના યુવાનો તરત જ એનું અનુસરણ કરશે. એક સાધુ ઉપવાસ કરતો હશે તો એનો દાખલો લઈને બીજો માણસ ઉપવાસ કરશે કે કેમ તે નક્કી નહીં, પરંતુ જો કોઈ સાધુ શરાબ પીતો હશે તો તેનો દાખલો લઈને બીજાઓ કહશે : મહારાજથી દારૂ પિવાય તો આપણાથી કેમ ન પિવાય!

ધતિંગખોર, ભ્રષ્ટ, લંપટ અને સમાજના શત્રુઓની આ ડાળ ઘણી મોટી છે અને એ ડાળ ઉપર બેસનારાં પંખીઓમાં આપણો પણ સમાવેશ થઈ જ જાય છે. મારી આ વાત કદાચ કડવી લાગશે પણ તે ખોટી છે એમ તો કોઈ કહી શકશે નહીં. અંતે *જય જિનેન્દ્ર* માસિક અને તેના સંચાલકોનો ખૂબ ખૂબ આભાર કે જેના કારણે મને આપણા સમાજના વિષયમાં કંઈક કહેવાની તક મળી.

# એક ડાળનાં પંખી : લોકચુકાદાના ચમકારા

જેટલી હાનિ દુર્જનોની દુર્જનતાથી નથી થતી એટલી હાનિ સજ્જનોની નિષ્ક્રિયતાથી થાય છે.

**ભરતકુમાર કે. પટેલ** (ભાભર)

ધર્મના નામે ધતિંગ કરતા સાધુઓ જે મહાન વ્યક્તિ બનવા માટે ધર્મનો આંચળો ઓઢી ભ્રષ્ટાચાર આચરી રહ્યા છે તેઓ નાની યુવતીઓ પાસે પોતાની સેવા કરાવે છે અને પોતાની અનેક સંસ્થાઓ સ્થાપી ગુજરાતની બીજી ભોળી જનતા પાસે દાન મેળવી ભ્રષ્ટાચારના પાખંડો ખેલે છે.

**શ્વેતલ એચ. પટેલ** (મણુંદ)

આપણા સમાજમાં સત્તા એ મહત્ત્વનું પરિબળ છે. સત્તાના ઘમંડમાં પોતે કરે છે તે સત્ય છે અને ગુનો નથી એમ માને છે અને ગરીબ માનવી સમાજ વિરુદ્ધ જાય તો તેને ગુનેગાર ઠરાવે છે.

**મુકેશભાઈ બી. નાયી** (વીસનગર)

ઈતિહાસ હંમેશાં ભૂતકાળનો હોય છે. વર્તમાનની તો બિરુદાવલિ હોય છે. શક્તિશાળી સમર્થ સત્તાધારીઓની બિરુદાવલિ કરનારા હંમેશાં હાજર જ હોય છે. આવા લોકો બગડેલાને વધારે બગાડતા હોય છે. ઉત્તમ માનવીઓએ શત્રુઓ કરતાં પણ આવા જીહજૂરિયાથી વધુ સાવધાન રહેવાનું છે.

**રાજુભાઈ રમણભાઈ ઠાકોર** (નરોડા, અ'વાદ)

ધર્મના આંચળામાં ચારિત્ર ખંડન કરવામાં પછી ભલે કહેવાતો સાધુ કે સંત હોય તેની કિંમત કોડીની પણ રહેતી નથી. સમાજને બહુ તાકીદની જરૂર છે કે આ બાબતે પૂરો ન્યાય આપે તથા લડાઈ કરે અને આવાં કૃત્યોમાં જે કોઈ આવે તેને કડકમાં કડક સજા થાય તો જ ભવિષ્યમાં આ લોકો ડરશે.

**એન. કે. પટેલ** (ચાણસ્મા)

મા-બેનની ઈજ્જત સાથે ચેડાં કરી પૈસા માટે ગુનેગારને બચાવનાર પણ બળાત્કારી જેટલો જ ગુનેગાર છે.

**એન. કે. પટેલ** (માણસા)

લોકશાહી એટલે લોકમાતા. એ તો સતત વહેતી સરિતા છે. સત્તા એ ઓવારો છે. ઓવારો ગંદકી વગરનો રહે તે સરિતાની સ્વચ્છતા માટે જરૂરી છે. પરંતુ બધા જ સત્તાધારીઓ સત્તાના ઘમંડમાં રહીને ઓવારે પોતાનો કચરો ઠાલવતા રહે છે.

**શોભા કરાડકર** (ચાંદલોડિયા, અ'વાદ)

સુરેન્દ્રનગર જિલ્લાના એક તાલુકા મથકની રાષ્ટ્રીયકૃત બેન્કની શાખામાં પરિણીત કર્મચારી ચાલુ બેન્કે શર્ટ કાઢીને ગીત ગાય છે : 'પ્યાસા હૂં મૈં, મેરી પ્યાસ બુઝાઓ...' શાખાની એક મહિલા કર્મચારીની સામે કુદૃષ્ટિથી જોઈને આ શબ્દો જોરથી બોલાય છે. જેને શાખાના બધા જ પુરુષ કર્મચારીઓ વધાવી લે છે. પ્રતિકાર કરવા જતાં ખોટા પોલીસ કેસો કરીને ત્રાસ આપે છે. આવા કર્મચારી સજલની નાની આવૃત્તિ છે અને છાવરનાર એક ડાળનાં પંખીઓ છે.

**સૂર્યકાન્તભાઈ એ. શાહ** (સુરેન્દ્રનગર)

> હજારોની આંખો નારીની પવિત્રતાને અને પૂજ્યભાવને ભેદી રહી છે. નારીના યુવાન શરીરને પ્રદર્શનની ચીજ બનાવે છે. તેને અનેકના હાથમાં રમતી કરી દેવામાં આવે છે. એની સામે પુરુષવર્ગે મૂકી દીધું છે 'સ્ત્રી-સ્વાતંત્ર્યનું ગતકડું!' સ્ત્રીને આજે 'કેરિયર' બનાવવાની લાલચમાં 'કેરેક્ટર' ગુમાવવાનો વારો આવ્યો છે.
>
> **વર્ષા એમ. શાહ** (સુરેન્દ્રનગર)

બળાત્કારી સજલ, ધતિંગખોર સાધુઓ કે

એમને છાવરનારાઓ એક ડાળનાં પંખી નથી. એ તો એક જ શેરીના શિકારી કૂતરાઓ છે. કારણ કે એમાંનો દરેક જાણે છે કે આ શિકારમાંથી આપણા હાથમાં પણ 'કંઈક' આવશે. આ એક એવું ઝેર છે જે આપણે સૌએ વહેંચીને પી નાખવાનું છે...

એક સમાજ વ્યવસ્થા હતી. બાળકો દાદા-દાદીની આંગળી ઝાલી મંદિર જતા. આમાંના કેટલા જણ બાળકને આજે મંદિરથી સવારની શરૂઆત કરાવે છે? એક જમાનો હતો જ્યારે રાજાના કુંવરનો વાંક હોય તો પણ સજા રાજા પોતે ફરમાવતા...

શાળામાંથી હું ઢગલો ઈનામો જીતતી પણ ક્યારેય રોકડ સ્વરૂપે નહીં, કોઈ ને કોઈ સારા પુસ્તક રૂપે. જ્યારે આજે તો ઈનામમાં 'ગોવાની ટિકીટ ફ્રી!...'

**આરતીબેન સૂર્યકાન્ત ઠક્કર** (પાટડી)

સમાજમાં પ્રભુની જેમ સ્થાન જમાવી બેઠેલા સાધુ કે મહારાજ કે જેમનામાં જાહેર જનતા અખૂટ શ્રદ્ધા ધરાવતી હોય છે તેઓ એક તરફ પોતાના પ્રવચનમાં શરીરની મોહમાયાથી દૂર રહેવાનું કહે છે અને પાછા તેઓ ભરપૂર શરીર સુખ માણતા હોય છે. એક તરફ તો તેઓ પૈસાને તુચ્છ ગણાવતા હોય છે પરંતુ તેમની અંગત મિલ્કતો કે બેન્ક બેલેન્સ તપાસતાં કરોડો રૂપિયાની મિલ્કતો નીકળે છે.

**કિરીટકુમાર ડી. પરમાર** (મેઘાણીનગર, અ'વાદ)

સાધુના વેષમાં રાક્ષસો ગુનાઓનો નકાબ ઓઢી બેઠેલા છે.

રાજનીતિથી માંડીને ખાખી વર્દી સુધી જો પૈસો જ મુખ્ય વસ્તુ છે તો આ દેશમાં ન્યાય પણ એટલો જ મજબૂત છે.

**શમીબેન યાસીનઅલી ચિશ્તી** (મહેસાણા)

આચાર વિચાર ગયા તો પછી માનવીમાં સંસ્કારનું સિંચન ક્યાંથી મળે?

જે પોતાનું હિત ન કરનાર હોય તે આપણા સમાજનું હિત કઈ રીતે કરી શકે?

**મહેશકુમાર બળદેવભાઈ પંચાલ** (સોનાસણ)

બધી અસામાજિક પ્રવૃત્તિઓને રાજકારણીઓ, પોલીસતંત્ર, ન્યાયતંત્ર પૈસા લઈને સહકાર આપે છે. સમાજ આ બધું જાણે છે પણ તે બહાર પાડતાં ડરે છે. પ્રજાની નૈતિક હિંમત આજે તૂટી ગઈ છે. સત્ય કહેવા કોઈ તૈયાર નથી. સમાજ પણ આ બધી ગુનાહિત પ્રવૃત્તિ સામે આંખ-મીંચામણાં કરે છે. આપણી સગી આંખે ખોટું દેખાતું કાર્ય પણ આપણે કહેવા તૈયાર નથી. દ્રૌપદીનું ભરી સભામાં વસ્ત્રાહરણ કરવામાં આવ્યું પણ સભામાં બેઠેલા બધા જ રાજવીઓ મૌન હતા.

**નવનીતભાઈ મણીલાલ મિસ્ત્રી** (સોનાસણ)

સમાજમાં જાગૃતિનો અહેસાસ કરાવવા મહિલામંડળોએ તો દેખાવો કર્યા પણ ક્યાં ગયું માનવ અધિકાર પંચ? હા, પણ માનવ અધિકાર પંચને તો ફક્ત લઘુમતીની જ ચિંતા છે. આવા બનાવો સામે અવાજ ઉઠાવવા તેઓ નપુંસક છે. કારણ કે આવાં પંચો તો આ લોકોનાં ફંડમાંથી જ ચાલે છે!

**વિપુલ શાંતિલાલ પટવા** (વાસણા, અ'વાદ)

આપણા દેશમાં ભક્તિનો મહિમા આપણી ધારણા કરતાં પણ વધુ છે. એ આપણે બધા જ જાણતા હોઈએ છીએ. અને આનો જ લાભ ઢોંગી સાધુ મહાત્માઓ અને બહારથી સંન્યાસી લાગતા

> વિવિધ કડીઓના જોડાણથી એક મજબૂત સાંકળ બને છે. તેમ સમાજમાંના વિવિધ વર્ગો સાંકળરૂપ છે. પણ તેમાં અનિષ્ટ તત્ત્વોની જ્યારે સાંકળ રચાય ત્યારે કૌભાંડોનો જન્મ થાય છે. બહુજન સમાજને ફક્ત પોતાની પડી છે, તેથી જાહેરમાં આવું ચાલ્યા કરે છે. સમજે છે તે બોલતા નથી, બોલે છે તેને સમજ નથી. આ આપણું દુર્ભાગ્ય છે.
>
> **હરિશ્ચંદ્રસિંહ ગુલાબસિંહ બારડ** (ધંબોલિયા)

અને અંદરખાને સંસાર ભોગવતા લોકો જ વધુ ઉઠાવતા હોય છે.

**જિજ્ઞેશ જયેન્દ્રકુમાર શાહ** (ઇસનપુર, અ'વાદ)

ન્યાયતંત્ર ઉપર પણ ધનવાન લોકોનો અંકુશ છે. તેઓ બીજા લોકોને પૈસા આપીને ખરીદી લે છે અને પોતાનાં સંતાનોનો વાળ પણ વાંકો થવા દેતા નથી.

**સહદેવસિંહ રતનસિંહ લુહાર** (મોગર)

દુનિયામાં ઘણા એવા સાધુઓ પણ છે કે જે સાધુ હોવાનો ખોટો ડોળ કરીને યુવતીઓને છેતરે છે. ધતિંગ અને ભ્રષ્ટાચાર કરતા સાધુઓ પૈસાના જોરે પોતાનું ધાર્યું કરે છે. તેઓ લોકોને લાલચ આપીને ફસાવે છે અને ભોળી જનતાને છેતરે છે.

**પ્રફુલ્લાબેન રમણભાઈ ચૌહાણ** (મહેસાણા)

માણસ એ કેમ ભૂલી જાય છે કે તે જે સ્ત્રીનો રમકડાની જેમ યૂઝ કરીને ફેંકી દે છે તેને આ દુનિયામાં લાવનાર પણ એક સ્ત્રી જ છે?

**કિરીટ મહેન્દ્રભાઈ શાહ** (ઓઢવ, અ'વાદ)

સાધુ હોય, સ્વામી હોય કે એક સામાન્ય અદનો માણસ, બધાની અંદર એક શેતાન છુપાયેલો હોય છે. રોજ-બરોજ બનતા બનાવો એની સાબિતી છે.

**કુમારી ફલક લાકડાવાલા** (ખાનપુર, અ'વાદ)

*તરુવર રૂપી જંગલમાં ડર છે માત્ર પ્રાણીનો,*
*ઈમારત રૂપી જંગલમાં,*
*માણસ પણ પ્રાણી લાગે છે.*

એક ઉમળકાભરી અને લાગણીસભર સ્ત્રી પોતાના નજીકના એવા મિત્ર પર પણ હવેથી વિશ્વાસ કરવો વાજબી સમજશે નહીં.

**હર્ષિદા એસ. પટેલ** (દેશોત્તર)

આપણે બધું જાણતા હોવા છતાં આંખ આડા કાન કરી દઈએ છીએ. આંખો બંધ કરી દેવાથી સચ્ચાઈ તો નથી બદલાતી. પણ છતાં આપણે દેખતે ડોળે અંધાપાનો ડોળ કરીએ છીએ.

**ડિમ્પલ રમેશભાઈ રાજપૂત** (અસારવા, અ'વાદ)

*હે ગાંધી, હે આઝાદ, હે ભગત ક્યાં છો તમે?*
*યાદ કરીને તમને આંસુ સારે છે ભારત મારૂં.*

**પ્રવીણ એચ. શુક્લ** (ધ્રાંગધ્રા)

ભ્રષ્ટાચારથી ભ્રષ્ટ એવા યુગમાં કોઈ અવાજ ઊઠવા પામે તો પૈસો અને સત્તાના ઘમંડમાં દબાઈ જાય છે.

**વિનોદકુમાર પી. પટેલ** (વાસરડા)

જેમ ઝેરી સર્પ કે નાગને દૂધ પાવાથી ફક્ત તેમના ઝેરમાં જ વધારો થાય છે તેમ ધતિંગખોર સાધુઓને અપાતો પૈસો એ ફક્ત તેમનાં ભ્રષ્ટ આચરણોને જ પોષનારો છે. તેમના ભોગવિલાસમાં જ વધારો કરે છે. માટે યોગ્ય સુપાત્રને જ ધનનું દાન કરવું જોઈએ, કુપાત્રને ક્યારેય નહીં. આવા દંભી ઢોંગી સાધુઓ માત્ર દેખાવના સાધુ હોય છે, જેમને જ્ઞાન, ભક્તિ કે વૈરાગ્ય સાથે કંઈ પણ લેવા દેવા નથી. સાધુના સ્વાંગમાં ઢોંગી સાધુ-બાવાઓને તો રૂપાળી લલનાઓના જાતીય શોષણમાં તથા ભાવિક ભક્તોનું ધન હરવામાં જ રસ હોય છે. વ્યક્તિ કે સમાજના કલ્યાણમાં ક્યારેય નહીં. આવા ધતિંગખોર સાધુબાવાઓનો સામાજિક બહિષ્કાર થવો જોઈએ અને સખતમાં સખત શિક્ષા કરીને કાયદાને હવાલે કરવા જોઈએ.

**જયંતીભાઈ અંબાલાલ પટેલ** (સારસા)

કેટલાક સાધુના વેષમાં છુપાયેલા શેતાનો પણ છે. સીધાસાદા ગૃહસ્થજીવનમાં જે મુશ્કેલીઓનો

આપણે તો હવે એકવીસમી સદીમાં જઈ રહ્યાં છીએ અને વળી કેવી કેવી મોટી મોટી બડાઈની વાતો કરતાં હોઈએ છીએ. મહાભારત રામાયણ અને શ્રીમદ્ ભગવદ્ગીતા જેવા આપણા ગ્રંથોને આપણે એક બાજુ ધકેલી દીધા છે અને આપણે બડાઈ હાંકવામાંથી ઊંચા આવતાં નથી.

**જેઠાભાઈ એમ. પરમાર** (મોટી મજેઠી)

સામનો કરવો પડે તેના બદલે જો સાધુવેષ ધારણ કરી લેવાય તો બસ મેવા જ મળે એ હેતુથી સંન્યાસ લઈ બેઠેલા આવા લંપટોની એક આખી જમાત છે, અને તે દરેક ધર્મમાં છે.

**ડી. એમ. મહેતા** (સેટેલાઇટ, અ'વાદ)

વ્યક્તિએ કોઈ પણ કૃત્ય કરતાં પહેલાં પરિણામનો વિચાર કરવો જોઈએ. જે પરિણામનો વિચાર કરતો નથી તેને ભોગવવાનું પોતાને જ આવે છે.

**વિષ્ણુકુમાર અમૃતલાલ પટેલ** (કુબાધરોલ)

આ બધાં એક ડાળનાં પંખી છે અથવા એક માળાના મણકા છે. જો આપણે ડાળ જ ભાંગી નાખીએ અથવા માળા જ તોડી નાખીએ તો પછી આમનું અસ્તિત્વ રહેતું નથી.

**દીપકકુમાર વિષ્ણુપ્રસાદ જોષી** (ખેરાળુ)

સમસ્ત માનવને કહેવા માગું છું કે બસ અન્યાયનો માર્ગ છોડો.

**સંજયકુમાર એમ. ઠાકોર** (વડસર)

એક સર્વેક્ષણ અનુસાર ભારતમાં દર ૫૪ મિનિટે એક બળાત્કારની ઘટના બને છે અને તેમાંય ૯૫ ટકા ઘટનામાં યુવતીઓ પરિચિત પુરુષોનો શિકાર બને છે. સત્ય હકીકત એ છે કે દર સો બળાત્કારે દસ ઘટનામાં ફરિયાદ થાય છે. હવસખોરો નિર્માલ્ય અને દંભી સમાજવ્યવસ્થા, પોલીસ તંત્રની ઘોડા ભાગી ગયા પછી તબેલાને તાળાં મારવાની મનોવૃત્તિ, વગદાર રાજકારણીઓનો મહત્તમ ઉપયોગ ક્યાં અને કેવી રીતે કરવો વગેરે બાબતોની નાડ પારખવામાં પાવરધા સાબિત થયા છે.

**વસંતકુમાર સોમાભાઈ રાઠોડ** (નરોડા રોડ, અ'વાદ)

જીવનમાં આવા માણસો આનંદ મેળવવા માટે શોખીન બની જતા હોય છે. તેમને પૈસાનો ઘમંડ હોય છે. સમાજ શું? કાયદો શું? દેશ શું? દુનિયા શું? આ તમામની બીક નેવે મૂકીને કામ કરતા હોય છે. તેમના મગજમાં ડર કે ભય જેવી કોઈ વસ્તુનો ભાસ થતો નથી. આ તમામનું પ્રથમ કારણ મા-બાપના સંસ્કારોના સિંચનનો અભાવ, બીજું કારણ ઘરના વડીલોની દેખરેખની ગેરહાજરી, ત્રીજું કારણ બાળક કોઈ ગુનાહિત પ્રવૃત્તિ કરીને ઘરે આવ્યું હોય તો તેને સજામાંથી મુક્ત કરવા મા-બાપ તમામ પ્રયત્નો કરતા હોય છે. આમ મા-બાપ જ ગુનાહિત પ્રવૃત્તિ કરવા પ્રેરણારૂપ બની જાય છે.

**વીરેન્દ્રસિંહ કે. રાઠોડ** (વાસદ)

જો તમે તમારાં બાળકોને સંસ્કાર નહીં આપો તો સંપત્તિ અને સંતતિ બન્ને ગુમાવવાનો વારો આવશે.

**અલ્પેશકુમાર ગુણવંતલાલ ઠક્કર** (વસો)

ગુજરાત-કચ્છમાં જ્યારે ભૂકંપ આવેલો ત્યારે આપણે કેવાં એક ડાળનાં પંખી બની ગયેલાં! ત્યારે કોઈ એકબીજાને એ પણ નહોતા પૂછતા કે તમે હિંદુ છો કે મુસલમાન. સરકારે બાંધેલા તંબુમાં બધા જ સાથે રહેતા હતા અને એકબીજાના દુઃખમાં ભાગીદાર થઈ ગયા હતા.

**પ્રહ્લાદભાઈ કે. રૂપાલીયા** (આંબાવાડી, અ'વાદ)

આજનો બાળક તે આવતી કાલનો નાગરિક. પહેલું શિક્ષણ ઘર અને પછી શાળા કોલેજ.

**રેણુકાબેન અશોકભાઈ શાહ** (પાલડી, અ'વાદ)

પોલીસતંત્ર આવી ઘટનાઓને એટલા માટે રોકી શકતું નથી કે પૈસાદાર વ્યક્તિઓના કારણે

> નકામા ઉજવણીના ઉધામા, એકવીસમી ડિસેમ્બર, વેલેન્ટાઇન ડે, મોડી રાત્રિ સુધીની નવરાત્ર મહોત્સવની ધમાચકડી. કોઈ વાર અનિચ્છનીય ભયાનક પ્રસંગો સર્જાય.... બહાર પડે છે તેના કરતાં પ્રચ્છન્ન ઘણું બધું બને છે. જે બહાર પડે છે તેનો હોબાળો થાય છે. સમાજ ખળભળી ઊઠે છે.
>
> **બળદેવપ્રસાદ આઈ. પંચોલી** (સેટેલાઇટ, અ'વાદ)

કાયદો કોઈ ગુનો લાગુ પાડવાની હિંમત કરી શકતો નથી.

**ધીરજ આઈ. પરીખ** (કલોલ)

તમામ પ્રકારના ભ્રષ્ટાચારે આ દેશ, રાજ્ય તથા ઘણાં બધાં ક્ષેત્રોને ખોખલાં બનાવી દીધાં છે. ઉપરાંત બીજી ઘણી બધી સમસ્યાઓનું સર્જન પણ કર્યું છે. આથી આજની આ નવી પેઢીને આ નિબંધની સાથે સાથે આહ્‌વાન પણ કરવામાં આવે છે કે આ બદીને દૂર તો કરવી જ પડશે. તો જ દેશ આબાદ બનશે અને પ્રગતિ કરશે.

**સંજય કે. ચૌહાણ** (અનોડીયા)

ભારતની બહુસંખ્ય જનતા ભોળી અને અતિ ધર્મભીરૂ છે. સ્વાતંત્ર્ય પ્રાપ્તિથી માંડીને અત્યાર સુધી રાજકારણ પર કહેવાતા પવિત્ર સાધુ-સંતોનો ઊંડો પ્રભાવ રહ્યો છે. સત્તાપ્રાપ્તિ તથા તે પછી સત્તા ટકાવી રાખવા માટે રાજકારણીઓ સમય સમય પર સાધુ-સંન્યાસીઓની મદદ લેતા આવ્યા છે. વિરોધ પક્ષને હંફાવવા માટે, વિવિધ કૌભાંડોને છાવરવા માટે અને તેમની કાયદાકીય ગૂંચમાંથી નીકળવા માટે રાજકીય માંધાતાઓ જુદાં જુદાં યજ્ઞો, અનુ-ષ્ઠાનો તથા તપ-જપનો આશ્રય લે છે. બીજી બાજુ આ સાધુ-સંતો પણ સંસારની મોહ-માયા વધાર્યે જ જતા હોય છે. તેમનાં ભવ્યાતિભવ્ય અત્યાધુનિક આશ્રમો, નિવાસસ્થાનો, વસ્ત્રાલંકારો, ગાડીઓ, સેલફોન્સ અને શિષ્ય-શિષ્યાઓનું ગ્લેમરસ વૃંદ જોઈને એમ લાગે કે રાજા મહારાજાઓનો ઠાઠ પણ આમની આગળ ફિક્કો પડે!

**આશીષ જે ટાટુ** (વણાકબોરી)

આલીશાન મંદિરો અને મહેલોમાં રહેનારા સાધુઓને હું પૂછું છું કે બ્રહ્મચર્યની વાતો કરનારા તમે કેટલે અંશે બ્રહ્મચારી છો? તમે શ્રદ્ધાળુ પ્રજાને બિનભૌતિકતાની વાતો કરીને ઠગો છો અને તમે ખુદ ભૌતિકવાદમાં રાચો છો. તમારાં વાણી-વર્તન પરસ્પર ભિન્ન દિશામાં દોડે છે. એક ઉમદા અને આદર્શ સાધુને ન શોભે તેવું સઘળું કરો છો અને પાછા પોતાને આદર્શ સાધુની વ્યાખ્યામાં સમાવવાનું પરાક્રમ પણ કરો છો!

**વિજયકુમાર કસ્તૂરભાઈ વાઘેલા** (દહેગામ)

દંભી ધર્મપુરુષો, સત્તાલોલુપ રાજપુરુષો, ભ્રષ્ટ પોલીસ, ન્યાયતંત્ર અને સરકારી અમલદારો તેમ જ પૈસાના મદમાં છાકટા બનેલા આજના ટેક્નોલોજી યુગના વેપારીઓનાં સંતાનો; અને પશ્ચિમી વાતા-વરણની અસરમાં આવી પોતાના ધર્મ, સંબંધો, સંસ્કારને ભૂલી ગયેલા ઉદ્યોગપતિઓ, ડૉક્ટરો, વકીલો પોતાની કામનાઓ અને વાસનાઓની પૂર્તિ માટે એકમેક સાથે સાંઠગાંઠ કરીને અનેક રીતે કૌભાંડો ચલાવી રહ્યા છે અને ગરીબ બિચારી પ્રજા શોષણનો ભોગ બની રહી છે. આ વિષવૃક્ષની ડાળી પર તેમણે બુટલેગરો, માફિયાઓ, દેશદ્રોહીઓ અને હત્યારાઓ સાથે એકસંપ થઈને રહેવાનું નક્કી

> એક પણ ક્ષેત્ર એવું તો બતાવો કે જેમાં ભ્રષ્ટાચાર ન હોય? કેવળ રાજકારણમાં નહિ, શિક્ષણમાં, પરીક્ષામાં, વેપાર, વ્યવહાર અને વર્તનમાં ભ્રષ્ટાચાર રૂપી દાનવ ફેલાઈ ગયો છે. અને આમ છતાં હું કે તમે કદી એમ કહેવાની હિંમત કરી શકીએ – ન જોઈએ ભ્રષ્ટાચાર? હું એક એક ભ્રષ્ટાચારીની માયાજાળ ખોલીને જ જંપીશ. હું એમને ઉઘાડા પાડીને છડેચોક એમની આબરૂના ધજાગરા બાંધીશ... ના, આપણો અવાજ દબાઈ ગયો છે. આપણે બધું સહન કરવા ટેવાઈ ગયા છીએ. આપણે આપણા સ્વાર્થ ખાતર પટાવાળાને લાંચ આપતાં કે કારકૂનને ચા-પાણીના પૈસા આપતાં જરા પણ અચકાતા નથી. વેપારીઓ દ્વારા ઉઘાડેછોગ આચરાતો ભ્રષ્ટાચાર આપણે સહન કરી લઈએ છીએ. ગજબ છે આપણી નસીબ પરની શ્રદ્ધાને અને ધન્ય છે આપણી સહનશક્તિને!
>
> **દીપ્તિ એ. શાહ** (સુરેન્દ્રનગર)

કર્યું છે. અને કોઈ પણ જાતની રોકટોક વગર પોતાની પાપલીલા ચલાવી રહ્યા છે.

**નીલમબેન ભાઈલાલભાઈ સોની** (થરા)

ભગવાનનું નામ લેતાં જ અંતરમાં આનંદ આવે તે પ્રભુના પ્યારા કહેવાય. જ્યારે ભગવાન રામની પત્ની સીતાજીને સાધુના વેષમાં રાવણે હરણ કર્યું હતું તો પછી ધતિંગખોર, ભ્રષ્ટાચારી, બળાત્કારી સાધુઓનો કેટલો ભરોસો રાખવો? બહારથી મહાત્માપણાનો ભાવ ગ્રહણ કરીને બગલાનો વેષ ધારણ કર્યો છે તે કુસાધુ છે. કુસાધુઓની સેવા, પૂજા, ભક્તિ, વિનયાદિ કરવાથી લોકોનું કલ્યાણ નહીં થાય. જેવી રીતે પથ્થરની નાવ પોતે ડૂબે અને તેમાં બેસનાર પણ ડૂબે છે એટલે કે ગુરુ અને શિષ્યો બધા ડૂબે છે.

**રમણલાલ એસ. પ્રજાપતિ** (ચોરીવાડ)

આપણે ગુનેગારની સમાનતા નથી ગોતવાની પરંતુ અલગ અલગ ગુનેગારને છાવરનારાં તત્ત્વોની સમાનતાને ન્યાય આપવાનો છે. જેમાં માનવીના બનાવેલા કાયદાનો આશ્રય નથી લેવાનો, એમાં તો આત્માના અવાજનો આશરો લઈને ન્યાય તોળવાનો છે....

....સાધુની વ્યાખ્યા શું? નીતિ, ન્યાય, અહિંસા, સત્યનું પાલન કરે, મુક્તિની મંજિલે પહોંચવાની જેની તાલાવેલી હોય, ભક્તોને પણ મુક્તિનો માર્ગ બતાવે. સમતા, દયા, કરુણા જેની આંખમાં નીતરતી હોય. નિર્મોહી, સદાચારી, પવિત્ર હોય. ગમે તે ધર્મ તેણે સ્વીકાર્યો હોય પરંતુ તે પોતાના આચારને વફાદાર હોય....

**નિર્મળાબેન સૂર્યકાન્ત શાહ** (સુરેન્દ્રનગર)

પોલિટિક્સ હી ઐસે બઢાવા દેગી તો ભારત કા આને વાલા ભવિષ્ય કૈસા હોગા યહ કિસકો પતા હૈ?

**લવ મનોજકુમાર જૈન** (અમરાઈવાડી, અ'વાદ)

પૈસા તથા સત્તાના જોરે ગુનેગારો કાનૂનને હાથમાં લઈને નારીને વેશ્યાની જેમ નચાવે છે અને કાનૂન તેમને કશું કરી શકતો નથી. આની જવાબદારી નેતા, સાધુ તથા સમાજની છે.

**વિવેક મનોજકુમાર જૈન** (અમરાઈવાડી, અ'વાદ)

આજના સમયમાં કોઈ ઈમાનદારીની વાત કરે તો તે હાંસીપાત્ર બને છે.... આધુનિક ભારતમાં કોઈ એક ઈમાનદાર વ્યક્તિ ભ્રષ્ટાચારી તત્ત્વો તરફ આંગળી ચીંધે તો તેની આંગળી કાપી નાખવામાં આવે છે.

**દિલીપકુમાર વી. પંડ્યા** (બેરાણા)

સ્ત્રીઓ ખૂબ જ સહનશીલ અને સંવેદનશીલ હોય છે. જન્મથી મરણ સુધીમાં સ્ત્રીઓ અનેક

## વીરચંદ રાઘવજી ગાંધી શિષ્યવૃત્તિ યોજના

ફેડરેશન ઑફ જૈન એસોસિએશન ઇન નોર્થ અમેરિકા 'જૈના' દ્વારા 'વીરચંદ રાઘવજી ગાંધી શિષ્યવૃત્તિ' નું આયોજન કરવામાં આવ્યું છે. જૈન ધર્મ અને દર્શનની વિવિધ શાખાઓ જેવી કે ધર્મ, દર્શન, સાહિત્ય, શિલ્પ, સ્થાપત્ય, ઇતિહાસ, આગમ, ભાષા વગેરેમાં અભ્યાસ કરતા તેજસ્વી અને જરૂરતમંદ વિદ્યાર્થીઓને વાર્ષિક પંદરથી સત્તર હજાર રૂપિયાની શિષ્યવૃત્તિ આપવામાં આવશે. સંસ્થાની અખબારી યાદી જણાવે છે કે સન ૨૦૦૩-૨૦૦૪ માટેની શિષ્યવૃત્તિ માટે યોગ્ય પ્રમાણપત્રો સાથે નીચેના સરનામે સંપર્ક કરવો –

**વીરચંદ રાઘવજી ગાંધી શિષ્યવૃત્તિ યોજના**

કેરઓફ શારદાબેન ચીમનભાઈ એજ્યુકેશનલ રિસર્ચ સેન્ટર

'દર્શન' બંગલો, રાણકપુર સોસાયટી સામે, શાહીબાગ, અમદાવાદ ૩૮૦૦૦૪

ફોન નં. ૨૨૮૬૮૭૩૯. ફેક્સ : ૨૨૮૬૨૦૨૬

પરીક્ષાઓમાંથી પસાર થાય છે. જેમ કે ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, જીજાબાઈ, મીરાંબાઈ વગેરે. આ યુગમાં દરેક ક્ષેત્રે સ્ત્રીઓ જેટલી આગળ છે તેટલી જ પાછળ પણ છે અને શોષણનીતિથી કચડાઈ રહી છે. વિશ્વમાં એવું કોઈ પણ દુઃખ નથી કે જેનો અનુભવ સ્ત્રીઓએ કર્યો ન હોય. દરેક સ્ત્રી દુઃખના મહાસાગરમાં એક વાર તો ડુબકી મારે જ છે.

**નંદિની મહેશકુમાર ઠાકર** (સિદ્ધપુર)

મહાત્મા ગાંધીએ કહેલું કે 'જ્યાં સુધી આપણી સ્ત્રીઓ રાત્રે માર્ગો ઉપર નિર્ભય બનીને ફરી શકે નહીં ત્યાં સુધી હું ભારતને એક સ્વતંત્ર દેશ ગણીશ નહીં.' આજે તો ધોળા દિવસે સ્ત્રીઓનાં અપહરણ થાય છે. આજે તો કોઈ અપટુડેટ વ્યક્તિ ઉપર પણ ભરોસો કરવો મુશ્કેલ છે, કેમકે કોણ ક્યારે રાક્ષસી રૂપ ધારણ કરી લેશે તે કહેવું મુશ્કેલ છે. આજે રસ્તા ઉપર કોઈ આપણી સાથે વાતચીત કરવાનો પ્રયત્ન કરે તો પણ ચેતવું પડે એવો સમય આવી ગયો છે.

**વૈશાલીબેન મહેશકુમાર ઠાકર** (સિદ્ધપુર)

ચઢીને ખુરશીએ એવા અદ્ધર થઈને બેઠા છે,
કે લોકોને તો લાગે છે 'ઈશ્વર થઈને બેઠા છે;'
હકીકત તો એવી છે કે નજર સૌની લક્ષ્મી પર,
ધતિંગખોર ને ભ્રષ્ટાચારી નેતા થઈને બેઠા છે.

આંસુઓનાં પડે પ્રતિબિંબ એવાં દર્પણ ક્યાં છે?
કહ્યા વગર સઘળું સમજે એવાં સગપણ ક્યાં છે?

મહાવીર ગાંધી તમારૂં સ્વપ્ન હજી બેનમૂન છે,
હા, રામરાજ તો રહ્યું નથી, ને રામધૂન છે;
નીતિમત્તાનો થયો સર્વનાશ, સત્તાધારી સૂનમૂન છે,
થાય ધર્મનાં ધતિંગ ને ભ્રષ્ટાચાર બેનમૂન છે.

ન્યાય નીતિ સૌ ગરીબને, મોટાંને સહુ માફ,
વાઘે માર્યો માનવી એમાં શો ઈન્સાફ.
દેવડીએ દંડાય છે ચોર મૂઠી જારના
ને લાખ ખાંડી લૂંટનારા, મહેફિલે મંડાય છે.
મને એ નથી સમજાતું શાને આવું થાય છે
પથ્થરો તરી જાય છે ને ફૂલડાં ડૂબી જાય છે.

**દિનુ એમ. ભદ્રેસરીયા** (નિર્ણયનગર અ'વાદ)

સમગ્ર દુનિયા જ્યારે અજ્ઞાન રૂપી અંધકારમાં અટવાતી હતી ત્યારે આપણા ભારતમાં જ્ઞાન રૂપી જ્યોત ઝળહળતી હતી. આજે પણ આપણે ગૌરવભેર આપણી સંસ્કૃતિ, વ્યવહારો અને પરંપરાઓનાં ગીત ગાઈએ છીએ અને સ્વાભિમાનથી મસ્તક ઉન્નત રાખીએ છીએ. પરંતુ પ્રશ્ન એ છે કે ખરેખર આપણે આપણી મહાન સંસ્કૃતિ અને સંસ્કારોને આપણા જીવનમાં કેટલી હદે ઊતાર્યાં છે? શું આપણા બધાના જીવનમાં નીતિ અને મૂલ્યો છે?

**વિનોદચંદ્ર દાનસંગભાઈ જોષી** (કુણઘેર)

આપણા જીવનને કયા મોડે લઈ જવાનું છે તે આપણી સ્વતંત્ર વિચારશક્તિ પર અવલંબે છે. મા-બાપની પરિસ્થિતિ કે સંસ્કારો મુજબ જીવન જિવાય તો ક્યારેય અનિચ્છનીય ઘટના ના બને.

**પરેશ જે. પુરોહિત** (કલોલ)


આજે જ જય જિનેન્દ્રના સભ્ય બનો અને દર અંકે યોજાતી ઈનામી સ્વાધ્યાય સ્પર્ધામાં ભાગ લઈને ઈનામો જીતો


જય જિનેન્દ્રના આગામી અંકમાં 'જૈન ઈતિહાસના તેજસ્વી તારલા' પરીક્ષાનું પરિણામ

# નિબંધસ્પર્ધામાં ભાગ લેનારા એ મિત્રો કે જેમનો માત્ર નામોલ્લેખ કરીને જ અમારે સંતોષ માનવો પડે છે.

**ઘાંચી મહમ્મદ કાસીમ નૂર મહમ્મદ** (સરખેજ, અ'વાદ), **વિજયભાઈ બી. યાદવ** (રામોલ, અ'વાદ), **શંકરભાઈ લક્ષ્મણભાઈ બ્રહ્મભટ્ટ** (બાયડ), **ઠાકોર મહેશજી સૂરસંગજી** (મહેસાણા), **મહમ્મદયાસીન જે. ખોખર** (રાધનપુર), **અંબાલાલ કાનજીભાઈ** (ઘીકાંટા, અ'વાદ), **નટવરભાઈ ગણેશભાઈ પરમાર** (ઓઢવ, અ'વાદ), **સંદીપકુમાર કાનુસિંહ પરમાર** (વરથુ), **કિરીટકુમાર વી. શાહ** (સરસપુર, અ'વાદ), **અનામી** (મેઘાણીનગર), **કનુભાઈ મણીલાલ સેગલ** (કલાપીનગર, અ'વાદ), **સંઘી ઈમરાન પીરૂભાઈ** (સરખેજ, અ'વાદ), **ભાવનાબેન ડી. જાની** (મણિનગર, અ'વાદ), **બી. જી. દેશાણી** (ખસ-રાણપુર), **આર. જે. એસ.** (જીવરાજ પાર્ક, અ'વાદ), **હેતલબેન મહેશભારથી ગોસ્વામી** (ચાણસ્મા), **હર્ષાબેન યશવંતભાઈ ચૌહાણ** (મણિનગર, અ'વાદ), **દીક્ષિત એસ. રાવત** (મહેસાણા), **જયેશ સી. શાહ** (લાંભા), **પ્રકાશ કે. પુજારા** (સુરત), **સ્મિતાબેન આર. નારાયણ** (પોરબંદર), **આર. કે. મૂળે** (ઈસનપુર, અ'વાદ), **મહેશ શ્યામસુંદર યાદવ** (ઓઢવ, અ'વાદ), **ભાર્ગવ બી. વૈશ્ય** (મણિનગર, અ'વાદ), **પ્રભાબેન જોષી** (સુરેન્દ્રનગર), **ઉમાબેન ઠાકર** (વાસણા, અ'વાદ), **પંજક મોહનલાલ શાહ** (જૂનાગઢ), **વીરજી શામજી** (દેસલપર), **રેણુકા સી. શાહ** (આંબાવાડી, અ'વાદ), **છાયાબેન ભાટિયા** (ગોંડલ), **પ્રવીણ કે. શાહ** (વાસણા, અ'વાદ), **ઉજમબેન વરસાયા** (થાણા), **પરાગ પટેલ** (જૂનાગઢ), **નારણભાઈ મોમાભાઈ ચૌહાણ** (મીઠાખળી, અ'વાદ), **જશુમતી વાઘેલા** (કડી), **નારસંગભાઈ વીરસંગભાઈ** (જામનગર), **પીર મહમ્મદ બલોચ** (ભરુચ), **મનહરગિરિ ગોસ્વામી** (વડોદરા), **દેવેન્દ્રસિંહ વાઘેલા** (જસદણ), **ગુણવંતલાલ કે. શાહ** (પાલડી, અ'વાદ), **ચંદુલાલ વી. શાહ** (સારંગપુર, અ'વાદ), **ચતુરભાઈ મોઢ** (મહેસાણા), **સી. એમ. રાજપૂત** (વિજાપુર), **હિંમતરામ કેશવરામ સીસકા** (ઉના), **પુષ્પાબેન શાંતિલાલ સુથાર** (બાવળા), **માનચંદ કેવળચંદ શાહ** (વાસણા, અ'વાદ), **નીલાંબરી સિદ્ધાર્થભાઈ** (પાલડી, અ'વાદ), **અરુણભાઈ નવલરામ કંસારા** (બાપુનગર, અ'વાદ), **પ્રશાંત વોરા** (જીવરાજપાર્ક, અ'વાદ), **નિર્મળાબેન ઉમંગરામ જોષી** (ગાંધીનગર), **જિતેન્દ્ર રાણા** (ખંભાત), **અરવિંદ ચેતનભાઈ પટેલ** (સુરત), **શીતલબેન પંકજભાઈ સોઢા** (જૂનાગઢ), **ઈશ્વરલાલ નારણજી બારોટ** (ઇસનપુર, અ'વાદ), **નરેન્દ્રસિંહ વેગડ** (રાજકોટ), **જસવંતસિંહ ચૂડાસમા** (જામનગર), **કેશુભાઈ ગોર** (રાયપુર, અ'વાદ), **પુનીત જે. પરમાર** (સિદ્ધપુર), **હેમેન્દ્ર લાલજી ભાખર** (ચંડોળા, અ'વાદ), **અશોક જશુભાઈ પારેખ** (વાસણા, અ'વાદ), **દીપ્તિ સંજયભાઈ શાહ** (પાલડી, અ'વાદ), **અમરીશ ઉપાધ્યાય** (સાણંદ), **પરમાનંદ વાઘેલા** (સુરેન્દ્રનગર), **ચાંદ મહમ્મદ રમતાણી** (પાલનપુર), **કકુબેન સોલંકી** (મહેસાણા), **જેસંગ હોડીવાલા** (સુરત), **ધનાભાઈ દેવાભાઈ પરમાર** (આણંદ), **યશવંત આચાર્ય** (કાંકરીયા, અ'વાદ), **અમૃતલાલ વીરચંદ પરીખ** (સેટેલાઈટ, અ'વાદ), **રાહુલ કે. આંબલીયા** (બોપલ, અ'વાદ), **આશીષ જે. શાહ** (પાલડી, અ'વાદ), **ચંદુલાલ વલ્લભરામ મોઢ** (પાટણ), **સોમચંદ મકવાણા** (સુરત), **નાનકસિંહ માણેકસિંહ ચૌહાણ** (નરોડા, અ'વાદ), **ભીલાભાઈ ચૌધરી** (ભરુચ), **ભોલારામ ઉપાધ્યાય** (મહેસાણા), **ચંદ્રેશ સી. કંથારીયા** (વીસનગર), **મનમોહન થાણેકર** (બાપુનગર, અ'વાદ), **કેતન પીતાંબરદાસ દેસાઈ** (ઘીકાંટા, અ'વાદ), **મોહનભાઈ વીરજીભાઈ દેવપરા** (નારણપુરા, અ'વાદ), **સુંદરલાલ હેમચંદ શાહ** (પાલડી, અ'વાદ).

પ્રેષક : પૂજનીય આચાર્ય શ્રી કીર્તિસેનસૂરીશ્વરજી મહારાજ

# ભાગ્યના ખેલને દર્શાવતી એક અદ્‌ભુત કથા

.....ગયા અંકથી ચાલુ.....

*ગયા અંકમાં જોયું કે વેપારના સોદામાં ધન્યકુમારને તેજંતૂરિકાની પ્રાપ્તિ થઈ તે પછી એ વાતની ખબર પડતાં એક અદેખા વેપારીએ રાજાને ફરિયાદ કરી કે ધન્યકુમારે બનાવટ કરીને તેજંતૂરિકા લઈ લીધી છે માટે તેને સજા કરવી જોઈએ. હવે વાંચો આગળ...*

## આ અંકની વાર્તા

રાજાનું નામ છે જિતશત્રુ.

તે ન્યાયી છે, દયાળુ છે, નીતિમાન છે. કોઈ ગમે તે વાત કરે તેને એકદમ સ્વીકારી લેતા નથી.

રાજા વિચાર કરે છે કે મેં વેપારીઓને જે માલ ગમતો હોય તે લઈ લેવાનું કહ્યું હતું. મેં વચન આપ્યું તે આપ્યું. પણ વાત છે આશ્ચર્ય ઉપજાવે તેવી. અતિ નિપુણ, વસ્તુના ગુણદોષ પારખવામાં કુશળ, પાકા વેપારીઓ થાપ ખાઈ ગયા અને ઊગતો આવતો કાચો વેપારી નાદાન ધન્યકુમાર એના ભાગ્યના બળે આવું કરી બતાવે એ કેવું? પણ મને વાતો કરી જનાર વેપારીની વાત સાચી પણ શી રીતે માનું? એ કદાચ અદેખાઈ હોય તો? માટે લાવ, બોલાવું ધન્યકુમારને.

રાજાએ પાલખી મોકલી આપી. માણસો મોકલી આપ્યા. ધન્યકુમારને પેલી માટી લઈ આવવાની તાકીદ કરી.

ધનસારે વાત જાણી. એ ચિંતામાં ડૂબી ગયા.

એમણે ધન્યકુમારને બોલાવીને વાત કરી.

ધન્યકુમાર બોલ્યો : 'પિતાજી, આપ ચિંતા શીદ કરો છો? આ તો મારૂં ભાગ્ય જાગી ગયું છે. રાજાને મળવું હોય તો ઘણા જણ પ્રપંચ કરે છે. મને તો રાજાજી સામે ચાલીને બોલાવે છે. આપની કૃપાથી સારાં વાનાં થશે. આપ શંકા લાવશો નહીં.'

આમ કહી તેણે વસ્ત્રાલંકાર સજી લીધાં. તે પાલખીમાં બેસીને રાજા સન્મુખ ઉપસ્થિત થયો.

ધન્યકુમારના ત્રણે મોટા ભાઈઓ મનમાં મલકાવા લાગ્યા. અંદરોઅંદર ઘુસપુસ કરવા લાગ્યા : 'જોયું? પિતાજીના લાડકા દીકરાના હવે તો ફજેતા થશે ફજેતા. કરવા ગયા કાળુંધોળું. પિતાજીને તો સમજાવી દીધા. સોનું બતાવીને ભોળવી દીધા. પણ રાજા માનવાના છે? ધન હરી લેશે અને નાખશે કારાવાસમાં. એ તો જેવું કરે તેવું ભોગવે જ. એકના પાપે સૌનાં વહાણ ડૂબે. આપણે ફના ન થઈએ તો સારૂં. પિતાજી પણ કેવા છે? બસ, નાનાના ગુણ ગાયા જ કરે છે. એ જે કંઈ કરે છે તેને સાચું માની લે છે.'

આ બાજુ ધન્યકુમારે રાજાની સામે ભેટ મૂકી. પ્રણામ કર્યા. રાજાએ આદેશ કર્યો એટલે એ આસન ઉપર બેઠો. રાજા તો એને જોઈ જ રહ્યા. વય નાનું છે પણ રૂપ અનોખું છે. એથી મોટી છે એની ચાતુરી. એથી મોટું છે એનું ભાગ્ય.

રાજા ભારે પ્રસન્ન થયા. ધન્યકુમારની મનમાં ને મનમાં પ્રશંસા કરવા લાગ્યા. પછી બોલ્યા : 'ધન્યકુમાર, કુશળ તો છો ને?'

ધન્યકુમાર કહે : 'દેવ, ગુરુ, ધર્મ અને આપ

જેવા વડીલોના પ્રતાપે હું કુશળ છું. મારાં સદ્‌ભાગ્ય કે આપે મને યાદ કર્યો.'

કેવો વિનય. કેવો સદાચાર. કેવી નમ્રતા.

રાજાને અપાર સંતોષ થયો. એ હસીને બોલ્યા. 'ધન્યકુમાર, તેં અમારા સોદામાંથી કંઈ લીધું કે નહીં?'

'આપની કૃપા છે મહારાજ! એટલે મને સરસ માલ મળી ગયો છે.'

'એમ? એ શી રીતે?'

ધન્યકુમારે બધી વાત કહી સંભળાવી.

પછી બોલ્યો : 'બધા વેપારી એને ધૂળ માનતા હતા. નકામી લેખતા હતા. મને બાળક અને અબુધ ગણીને મનમાં મલકાતા હતા. હું એ બધું જાણતો હતો પણ બોલ્યો નહોતો. મારા વડીલો કેવા છે! મીઠી મીઠી વાતો કરી મને ભેરવવા લાગ્યા. કિંમત પણ એમણે જ નક્કી કરી આપી. માલ પણ એમણે જ મુકરર કરી દીધો. મેં તો દેવ, ગુરુ અને ધર્ણના પ્રભાવને જ મનમાં રાખ્યો હતો. એમણે જે કહ્યું તે મેં સ્વીકારી લીધું. વહાણના સોદામાંથી મારે ભાગે આવેલી ધૂળ એ તો તેજંતૂરિકા છે. એનો ઘણો જથ્થો મારી પાસે છે. એને માટે આપ જે કંઈ આજ્ઞા કરશો તે હું સ્વીકારી લઈશ.'

■ ■ ■

'જેવી દાનત હોય એવી જ બરકત હોય છે. ગમે તેવી ચાલાકી કરો તો પણ તેમાં બદદાનત હોય તો તેનું ફળ સારૂં મળે જ નહીં.'

■ ■ ■

ધન્યકુમારની વાતમાં ન્યાય હતો. સચ્ચાઈ હતી. ધર્મ અને નીતિનો રણકાર હતો. રાજા જિતશત્રુ હસ્યા અને તેમણે સભાજનો સામે જોયું અને પછી બોલ્યા : 'એકને સુખ મળે તો બીજો બળે એવી આ દુનિયા છે. આનો પ્રભાવ કેટલો બધો છે તે આપ સહુએ જોયો છે. પોતાના અજ્ઞાનથી માણસ વસ્તુના ગુણ પામી શકતો નથી. એને નકામી ગણીને ફગાવી દે છે. બીજાને પરોવી દેવા તૈયાર થાય છે.....'

પછી રાજા જરા વાર થંભી ગયા.

ચોમેર જોઈ રહ્યા.

પછી બોલ્યા : 'પાકા અને રીઢા વેપારીઓએ કપટ કર્યું, નાદાન બાળકને ફસાવી દેવાનો ઘાટ ગોઠવ્યો. એમને એમ જ હશે કે ધન્ય નાદાન છે. એ સમજશે નહીં એટલે ફેંકી દેવા જેવી ચીજ સ્વીકારી લેશે. ધન્યને બદલે ધનસાર શેઠ આવ્યા હોત તો આવી ખારી માટીનો સોદો કરત નહીં પણ ધનસારે આવા બાળકને મોકલ્યો એ સારૂં જ થયું. વેપારીઓની દાનત ખોરી હતી એટલે ધન્યકુમાર ઉપર ધૂળ ઢોળી દીધી. ફસાવવા ગયા ધન્યને પણ ફસાઈ ગયા પોતે. જેવી દાનત હોય એવી જ બરકત હોય છે. ગમે તેવી ચાલાકી કરો તો પણ તેમાં બદદાનત હોય તો તેનું ફળ સારૂં મળે જ નહીં. પોતાને વિચક્ષણ માનતા વેપારીઓએ સ્વાર્થને જ જોયો. લાલચ આગળ ધરી. લોભમાં લપટાઈ ગયા. પણ ચતુર ધન્યકુમાર જ વિચક્ષણ નીવડ્યો. એણે મૂગા મૂગા દુર્જનતાનો ખેલ જોયો. એને આ તમાશામાં મજા આવી. એના ભાગ્યે જોર કર્યું અને અચાનક એના હાથમાં ઈષ્ટ વસ્તુ આવી ગઈ. એના પર કોઈએ ઉપકાર કર્યો નથી. દુર્જનો એને બાળવા માટે, એને બદનામ કરવા માટે, એને ઉદ્વેગ કરાવવા માટે બધો ઘાટ ઘડતા હતા, પણ એ જ બધું ધન્યકુમારના ભાગ્યને જગાડી ગયું છે. એણે જ ધન્યને સુખ આપ્યું છે. એનું

સુખ અને ભાગ્ય જોઈને અદેખા સળગી ગયા છે. મારા કાનમાં પણ ઝેર રેડી ગયા. પણ હું ભંભેરાયો નથી. એવી અનીતિ કે અન્યાય કરવાનું મને રુચતું નથી અને આવડતુંયે નથી. હું જો અનીતિ કરૂં તો આ ભવમાં મારા રાજ્યનો વિનાશ થાય અને પરભવમાં મને દુર્ગતિ મળે. આ ખારી માટી નકામી ચીજ નથી પણ તે તેજંતૂરિકા છે એમ જો વેપારીઓ જાણતા હોત તો ધન્યકુમારને ભાગે આવી ચીજ આવવા દેત ખરા? કદાપિ નહીં. આમ પોતાના ભાગ્યના યોગે મળેલી ચીજ – ધન ભોગવવાનો ધન્યકુમારને જ અધિકાર છે. મારી આજ્ઞા છે કે ધન્યકુમાર તે સુખે ભોગવે.'

આહાહાહા!

ચોમેર રાજા પર ધન્યવાદ વરસી ગયા. એની ન્યાયી વાત સાંભળીને ગુણવાનો રાજી રાજી થઈ ગયા, અદેખા, બળેલા અને દુર્જનો નીચાં મોઢાં કરી ગયા.

ધન્યકુમારની નામના થઈ ગઈ. એમની નામનાના ડંકા ચોમેર વાગી ગયા. રાજાની એની પર કૃપા વરસી પડી. ધન્યકુમાર ઊભો થયો. એણે રાજાને પ્રણામ કર્યા. નમ્રતાથી એ બોલ્યો : 'મહારાજ, આપે મારા પર અપાર કૃપા કરી છે.'

પછી તો રાજાએ વસ્ત્રો, અલંકાર તથા માન-સન્માનથી ધન્યને ઢાંકી દીધો. એનું બહુમાન કર્યું અને જિતશત્રુ રાજા બોલ્યા : 'હે ધન્ય, આજથી તું મારો સભાજન છે. તને ઉચ્ચ આસન મળે છે. તને લેવા માટે નિત્ય પાલખી આવશે. તારા જેવાથી તો મારી સભા શોભે છે.'

રાજાએ મંત્રી અને સામંતોને આદેશ આપ્યો કે 'આજથી આપણી સભામાં એક ચતુર પુરુષનો પ્રવેશ થાય છે. સાચા ખોટાનો ન્યાય કરવામાં એ કુશળ છે. બુદ્ધિનો એ ભંડાર છે. એ ચતુર-શિરોમણિ છે. માટે ન્યાય જોઈતો હોય તે એનો મત લેજો. એ જેમ કહે તેમ કરજો. એની ઇચ્છાને અનુકૂળ થજો.

આમ રાજાનું સન્માન પામતો ધન્યકુમાર ધન્ય બની ગયો.

રાજાએ આપેલાં વસ્ત્રો અને અલંકાર લઈને ધન્યકુમારે પ્રણામ કર્યા. પછી પાલખીમાં બેસીને ઘેર જવા નીકળ્યો.

એ ચાલ્યો અને ઢોલ વાગ્યાં.

ભાટ ચારણોએ એની પ્રશસ્તિ કરી.

રાજાએ બધાને આજ્ઞા કરી કે ધન્યકુમાર સભામાં આવે ત્યારે નિત્ય આમ જ માન આપવું.

પછી રાજાની આજ્ઞાથી એણે ઠાઠબંધ બજારમાં પ્રવેશ કર્યો. બજારમાં થઈને ઘેર ગયો. ઘેર જતાંવાર પિતાજી ધન્યસારને પ્રણામ કર્યા. પિતાજી પણ તેને મળેલા રાજસન્માનથી આનંદના સાગરમાં ડૂબી ગયા.

પણ એના ભાઈઓ બળી ઊઠ્યા. અદેખાઈથી ગાંડા બની ગયા. પણ સારાય જગતમાં મોટા ડાહ્યા માણસો અને પંડિતો એનું આદરમાન કરવા લાગ્યા. એના પુણ્યનું તેજ પ્રગટી ગયું. એનાં યશ અને કીર્તિનાં કિરણો ચોમેર આભા પ્રસારી રહ્યાં. મિત્રો પર એને અસાધારણ પ્રેમ હતો. એમ ધન્યકુમાર અજાતશત્રુ બન્યો અને જિતશત્રુ મહારાજનો માનીતો બની ગયો. રાજાની કૃપાને પાત્ર બન્યો. પ્રધાનો તથા અમાત્યોનો એ પૂજ્ય બન્યો. રાજસભામાં તથા નગરમાં જાણે બીજો રાજા હોય એવી તેની પ્રશંસા થવા લાગી.

ભાગ્ય પુણ્યથી ખીલે છે. (સમાપ્ત)

અમને નિબંધસ્પર્ધામાં મળેલી સમગ્ર સામગ્રીને સમાવવાના ઉદ્દેશથી અમે આ અંક સોળના બદલે ૨૪ પાનાનો કર્યો છે, તેમ છતાં અમે આ અંકમાં બધા વિભાગો સમાવી શક્યા નથી. - તંત્રી : જય જિનેન્દ્ર

# જય જિનેન્દ્ર સ્વાધ્યાય સ્પર્ધા - ૬

## પાછલા પાને દર્શાવેલી ખાલી જગ્યા ભરો અને આજે જ કાર્યાલયને રવાના કરો

**શરતો, નિયમો અને સૂચનાઓ :** એક વ્યક્તિ ગમે તેટલી એન્ટ્રી મોકલી શકે છે, પરંતુ દરેક એન્ટ્રી સાથે જય જિનેન્દ્રમાં છપાયેલી કૂપન હોવી જરૂરી છે. ઝેરોક્સ કરીને મોકલેલી એન્ટ્રી રદબાતલ કરવામાં આવશે. ● સાચા જવાબો મોકલનારની સંખ્યા એકથી વધુ હશે તો વિજેતાની પસંદગી ડ્રૉ દ્વારા કરવામાં આવશે અને આ બાબતમાં કોઈ સાથે સવાલ-જવાબ, દલીલબાજી કે પત્રવ્યવહારમાં ઊતરવામાં નહીં આવે. ● સ્પર્ધા બાબતે સંચાલકોનો નિર્ણય આખરી ગણાશે. સ્પર્ધાની શરતો, નિયમો અને સૂચનાઓમાં ગમે ત્યારે ફેરફાર, સુધારા, વધારા કરવાનો અને/અથવા સ્પર્ધાને ગમે ત્યારે રદબાતલ કરવાનો અબાધિત અધિકાર સંચાલકો પાસે રહેશે. ● તમારી એન્ટ્રી અમને તારીખ ૩૧.૭.૨૦૦૪ સુધી મળી જવી જરૂરી છે. તે પછી મળેલી એન્ટ્રીઓ રદબાતલ ગણાશે. ● સાચા જવાબો અને ઈનામોની જાહેરાત સપ્ટેમ્બર, ૨૦૦૪ના અંકમાં કરવામાં આવશે. ● એન્ટ્રીના કવર ઉપર જય જિનેન્દ્ર સ્પર્ધા - ૬ લખવું જરૂરી છે. ● અપૂરતી ટિકીટ લગાડેલાં કવરો સ્વીકારવામાં આવશે નહીં. ● તમે મોકલેલી એન્ટ્રી ટપાલમાં ખોવાય, નાશ પામે કે અન્ય રીતે તેને કોઈ નુકસાન થાય તે સંયોગોમાં જય જિનેન્દ્રની કોઈ જવાબદારી બનતી નથી. ● જય જિનેન્દ્ર માસિકના કર્મચારીઓ કે રિપોર્ટરો આ સ્પર્ધામાં ભાગ લઈ શકશે નહીં. ● **તમારી એન્ટ્રી અહીં મોકલશો :** જય જિનેન્દ્ર, એફ ૯, શ્રીનંદનગર વિભાગ ૪, સોનલ ટૉકિઝ રોડ, વેજલપુર, અમદાવાદ ૩૮૦૦૫૧.

## ● તમારી એન્ટ્રી આજે જ મોકલો . . .

નામ ____________________

સરનામું ____________________

____________________

ગામ ____________________ પિનકોડ નંબર ____________________

જિલ્લો ____________________ ફોન નંબર ____________________

જય જિનેન્દ્ર મેમ્બરશિપ નંબર ____________________

**આ સ્પર્ધાના વિજેતાને મળશે સુંદર નયનરમ્ય ફ્રેમ સાથે ૧૮૦૦ના મૂલ્યનું મહાપ્રભાવિક લક્ષ્મીધારા યંત્ર**

**જય જિનેન્દ્રમાં આવતી વિવિધ પ્રકારની ઇનામી સ્પર્ધાઓમાં ભાગ લેવા ઇચ્છતા હો તો આજે જ આપ વાર્ષિક સો રૂપિયા લવાજમ ભરીને મેમ્બર બની જાઓ**

**JAY JINENDRAના નામે ચેક ડ્રાફ્ટ કે એમ. ઓ. આ સરનામે મોકલી શકાય છે. બહારગામના ચેકો સ્વીકારવામાં આવતા નથી. જય જિનેન્દ્ર, એફ ૯, શ્રીનંદનગર વિભાગ ૪, સોનલ ટૉકિઝ રોડ, વેજલપુર, અમદાવાદ ૩૮૦૦૫૧.**

# જય જિનેન્દ્ર સ્વાધ્યાય સ્પર્ધા - ૬

નિયમ ૧. : પ્રશ્નનો જવાબ કાં તો 'ઇ'થી શરૂ થતો હોવો જોઈએ અથવા 'ઈ'થી. ૨. : એકનો એક જવાબ બીજી વાર ન આવવો જોઈએ. ૩. : છેકછાકવાળા જવાબને ખોટો જવાબ ગણવામાં આવશે.

૧. પ્રથમ ગણધર ગૌતમસ્વામીનું અસલી નામ જણાવો. ☐ ________

૨. જયણાપૂર્વક ચાલીને 'આ' સમિતિનું પાલન કરો! ☐ ________

૩. ઘણી ખરી ક્રિયાના આરંભે સૌથી પહેલો કયો શબ્દ બોલાય છે? ☐ ________

૪. દેવોના સ્વામીને શું કહે છે? ☐ ________

૫. 'આ' વિદિશાને સુંદર અને પવિત્ર માનવામાં આવે છે. ☐ ________

૬. ભય, ભીતિ માટે શાસ્ત્રીય શબ્દ કયો છે? ☐ ________

૭. આજ્ઞાના સ્વીકાર માટે કયો શબ્દ બોલવામાં આવે છે? ☐ ________

૮. મહા કર્માદાનમાં શેનો સમાવેશ થાય છે? ☐ ________

૯. અષ્ટ મહાસિદ્ધિમાંથી તમને 'આ' સિદ્ધિ મળે તો કેવી મજા પડે! ☐ ________

૧૦. એકસો આઠ મહાનદીઓ પૈકીની એક મહાનદી. ☐ ________

૧૧. ભગવાન મહાવીરની દશમી પાટે કયા આચાર્ય આવ્યા? ☐ ________

૧૨. શું તમે આદિનાથ ભગવાનને 'આ' વહોરાવશો? ☐ ________

૧૩. 'આ' છે મતિજ્ઞાનનો એક ભેદ. તમે કહેશો એ કયો છે? ☐ ________

૧૪. ગુરુદેવને સુખશાતાપૃચ્છા કયા સૂત્રથી કરશો? ☐ ________

૧૫. આદિનાથ ભગવાનનો 'આ' વંશ એટલે જગતનો પહેલો વંશ. ☐ ________

૧૬. ભગવાન પાસે મગાતી વસ્તુઓમાં 'આ' પણ આવે. ☐ ________

૧૭. 'આ' પાંચ જો પરિપૂર્ણ મળે તો આરાધના સારી રીતે થાય. ☐ ________

૧૮. આઠમા ભગવાનનું લાંછન શું? ☐ ________

૧૯. કેટલીક બાબતો યાવત્કથિક હોય છે જ્યારે કેટલીક 'આ' હોય છે. ☐ ________

૨૦. આગમોમાં 'આ'ને આકાશની ઉપમા આપવામાં આવી છે. ☐ ________

૨૧. 'પરલોગાસંસપ્પઓગે'ની સાથે બીજું આવે? ☐ ________

૨૨. પ્રભુ સાથે તન્મય થવાથી પ્રભુ બનાય. કયો ન્યાય લાગુ પડે? ☐ ________

૨૩. બીજા દેવલોકના ઇન્દ્રને શું કહેશો? ☐ ________

૨૪. લક્ષ્મીજીને 'આ' પણ કહેવાય તે તમે જાણો છો? ☐ ________

૨૫. દોરડા ઉપર નૃત્ય કરતાં પામ્યા કેવળજ્ઞાન! ☐ ________

૨૬. ભગવાન કહો કે 'આ' કહો, વાત તો એકની એક જ ને! ☐ ________

૨૭. ચારસો એંસી શાશ્વતી પ્રતિમા કયા સ્થળે હોય છે? ☐ ________

૨૮. કુમારપાળ મહારાજાનું બંધાવેલું બાવન જિનાલય કયા તીર્થમાં? ☐ ________

૨૯. અદેખાઈનો અવગુણ એટલે કયો અવગુણ? ☐ ________

૩૦. સ્વાધ્યાય સ્પર્ધાના બધા જવાબ સાચા પડે તો શું મળે? ☐ ________

આગમોદ્ધારક પૂજનીય આચાર્ય શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજના હસ્તદીક્ષિત ગચ્છાધિપતિ પૂજનીય કર્મસાહિત્ય નિપુણમતિ આચાર્ય શ્રી સૂર્યોદયસાગરસૂરીશ્વરજી મહારાજ તથા પૂજનીય ગણિવર્ય શ્રી સાગરચંદ્રસાગરજી મહારાજ આદિ મુનિગણનો ચાતુર્માસ પ્રવેશ મુંબઈના હૃદય સમા શ્રી ગોડીજી જૈન ઉપાશ્રય ખાતે ભારે ઉત્સાહના વાતાવરણમાં યોજાયો હતો. આ અવસરે સંઘપૂજન, નવકારશી આદિ કાર્યો ઉલ્લાસમય વાતાવરણમાં સંપન્ન થયાં હતાં. સાગર સમુદાયના અનેક પૂજ્યો ઉપરાંત અનેક ગણમાન્ય આગેવાનો પણ આ પ્રવેશોત્સવમાં ઉપસ્થિત રહ્યા હતા. અષાઢ સુદ પાંચમના દિવસે પૂજનીય ગચ્છાધિપતિશ્રીનો ૭૩મો દીક્ષાદિવસ પણ અનેરા ઉલ્લાસમય ભાવપૂર્ણ વાતાવરણમાં ઉજવાયો હતો.

●●

સિદ્ધહસ્ત લેખક પૂજનીય આચાર્ય શ્રી વિજય પૂર્ણચંદ્રસૂરીશ્વરજી મહારાજ તથા પૂજનીય ગણિવર્ય શ્રી યુગચંદ્રવિજયજી મહારાજ આદિ વિશાળ મુનિગણનો ચાતુર્માસ પ્રવેશ મુંબઈ ચંદનબાળા ખાતે ભવ્ય સમારોહ પૂર્વક સંપન્ન થયો હતો. પૂજનીય ગુરુ ભગવંતોના ચાતુર્માસ પ્રવેશમાં પૂ. આચાર્ય શ્રી સોમસુંદરસૂરીશ્વરજી મહારાજ, પૂ. ગચ્છાધિપતિ આચાર્ય શ્રી હેમ-ભૂષણસૂરીશ્વરજી મહારાજ આદિ આચાર્યાદિ મુનિવરો પણ પધાર્યા હતા. પૂજનીય ગુરુ ભગવંતોના ચાતુર્માસ પ્રવેશ અંગેના ભવ્ય સમારોહની સમગ્ર વ્યવસ્થા શ્રી ભેરુલાલ કનૈયાલાલ રિલિજિયસ ટ્રસ્ટ દ્વારા કરાઈ હતી. આ પ્રસંગે મહારાષ્ટ્રના ઉપ મુખ્યમંત્રી શ્રી વિજયસિંહ મોહિતે પાટીલ અને ધારાસભ્ય શ્રી મંગલપ્રભાત લોઢા વગેરે ગણમાન્ય આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા હતા. ચાતુર્માસ પ્રવેશ નિમિત્તે સમગ્ર મુંબઈના જૈન સંઘોની નવકારશીની વ્યવસ્થા પણ કરાઈ હતી. આ ભોજન સમારંભનો લાભ કચ્છ બારોઈ (હાલ મુલુંડ) નિવાસી કસ્તૂરબેન મેઘજી કેણિયા પરિવારે લીધો હતો. બાજોઠ અને કાંસ્યપાત્રોની વ્યવસ્થા પૂર્વક મહા નવકારશીનું આયોજન કરવું એ એક પડકાર જનક કાર્ય હતું, પરંતુ ઉત્સાહી યુવાન કાર્યકરોએ આ પડકાર ઝીલી લઈને તેને સફળ બનાવ્યું હતું. પૂજનીય ગુરુ ભગવંતોનો ચાતુર્માસ પ્રવેશ અનેક રીતે યાદગાર બની રહ્યો હતો.

●●

શાસનસમ્રાટશ્રીજીના પરિવારના પૂજનીય સરળ સ્વભાવી આચાર્ય શ્રી માનતુંગસૂરીશ્વરજી મહારાજ આદિ મુનિવરો ઊંઝા (ઉ. ગુ.) મુકામે, પૂજનીય સૌજન્યમૂર્તિ આચાર્ય શ્રી ઈન્દ્રસેન-સૂરીશ્વરજી મહારાજ આદિ મુનિવરો સાબરમતી અમદાવાદ ખાતે, પૂજનીય વિદ્વદ્વર્ય આચાર્ય શ્રી સિંહસેનસૂરીશ્વરજી મહારાજ આદિ મુનિવરો ઘેલાભાઈ કરમચંદ ઉપાશ્રય પાર્લા (મુંબઈ) ખાતે અને પૂજનીય પંન્યાસ શ્રી વિશ્વસેનવિજયજી મહારાજ આદિ મુનિવરો મણિનગર અમદાવાદ ખાતે ચાતુર્માસની સ્થિરતા કરશે.

●●

પૂજનીય મોહનલાલજી મહારાજના પરિવારના પૂજનીય પ્રવચનકાર આચાર્ય શ્રી કીર્તિસેનસૂરીશ્વરજી મહારાજ આદિ મુનિવરો પાલિતાણા મુકામે ચાતુર્માસ અર્થે બિરાજમાન છે. સત્તાવીસ એકડા ધર્મશાળા ખાતે પૂજનીય આચાર્યશ્રીની નિશ્રામાં અનેક આરાધકો પણ ચાતુર્માસિક આરાધના કરનાર છે.

### પૂજ્યશ્રીના સમાચાર

પૂજનીય મુનિવર્ય શ્રી મિત્રાનંદસાગરજી મહારાજ સં. ૨૦૬૦ના ચાતુર્માસ અર્થે નીચેના સરનામે સ્થિરતા કરશે.

એફ ૯, શ્રીનંદનગર વિભાગ ૪, સોનલ ટોકિઝ રોડ
વેજલપુર, અમદાવાદ ૩૮૦૦૫૧

---

બે વર્ષના ટૂંકા ગાળામાં જ પોતાની આગવી પહેચાન ઊભી કરનાર
જય જિનેન્દ્રને હજાર હજાર શુભકામનાઓ…
તે નિરંતર આગળ ને આગળ વધતું રહે અને
નિર્ભીકપણે પોતાનો અવાજ ફેલાવતું રહે એવી શુભેચ્છાઓ…

*

***ઝવેરી એન્ડ ઝવેરી***
મુંબઈ

---

જય જિનેન્દ્ર : વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ. આજે જ સભ્ય બનો.

## ધ લાસ્ટ બાઇટ…

**બોધપાઠ**

કેટલાક લોકોના આવવાથી આનંદ થાય છે, કેટલાક લોકોના જવાથી!

●

**સ્પંદન**

સાવ સૂકા રણ મહીં હું બીજને વાવી રહ્યો;
એક શ્રદ્ધા છે કદી એનો થશે વિસ્તાર પણ…

— *બકુલ રાવલ*

●

**ના હોય!**

**અસ્તકીર્તિ :** 'રસ્તામાં કોઈ ગધેડો ઘાયલ થઈને પડ્યો હોય અને હું એને સાજો કરવા હોસ્પિટલે લઈ જઉં તો મેં શું કર્યું કહેવાય?'

**શૈલુ :** 'પોતાના ભાઈ પ્રત્યે લાગણી પ્રદર્શિત કરી કહેવાય!'

### !! अहो कार्टुनम्




Printed, Published and Owned by Nirved Acharya, F 9 Shrinandnagar IV, Vejalpur, Amdavad 380051
Printed at Shivkrupa Offset Printers, 27 Amrut Industrial Estate, Nr. Dudheshvar Water Tank, Amdavad